


RNI No. GUJGUJ/2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 182
Dt.: 15-03-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### નરેન્દ્ર મોદીએ મમતા સરકાર પર આકરા પ્રહાર કર્યા

# વડાપ્રધાન મોદીએ શિલાંગ-સિલચર કોરિડોર પ્રોજેક્ટનું ભૂમિ પૂજન કર્યું

### પ્રોજેક્ટ તૈયાર થયા બાદ હાલ ગુવાહાટી-સિલચર વચ્ચેનો સફર પુરો કરવામાં જે ૮.૫ કલાકનો સમય લાગે છે, તે માત્ર પાંચ કલાકમાં પુરો થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વડાપ્રધાને આસામમાં આજે એવા કોરિડોર પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું છે, જેનાથી એક સાથે પાંચ રાજ્યોને ફાયદો થશે. વડાપ્રધાને આજે શિલાંગ-સિલચર કોરિડોર પ્રોજેક્ટનું ભૂમિ પૂજન કર્યું છે, જેનાથી આસામ સહિત મેઘાલય, મિઝોરમ, ત્રિપુરા અને મણિપુર સહિતની કનેક્ટિવીટીમાં વધારો થશે. વડાપ્રધાન આ પ્રસંગે કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા છે. વડાપ્રધાને કહ્યું છે કે, કોંગ્રેસ યુદ્ધ જેવા ગંભીર સમયમાં દહેશત ફેલાવવાની કામગીરી કરી રહી છે.પ્રોજેક્ટ તૈયાર થયા બાદ હાલ ગુવાહાટી-સિલચર વચ્ચેનો સફર પુરો કરવામાં જે ૮.૫ કલાકનો સમય લાગે છે, તે માત્ર પાંચ કલાકમાં પુરો થઈ શક છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ કોરિડોર ઉત્તર-પૂર્વ ભારતનો પ્રથમ એવો કોરિડોર છે, જે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિત એક્સેસ-કંટ્રોલ્ડ ગ્રીનફીલ્ડ સાથે ચાર-લેન હાઈ-સ્પીડમાં તૈયાર થવાનું છે. પ્રથમ તબક્કામાં કેપિટલ પોઈન્ટ પાસે ટ્રંક રોડથી રંગિરખારી પોઈન્ટ સુધીના નેશનલ હાઈવે પર એલિવેટેડ કોરિડોડના નિર્માણ માટે ભૂમિ પૂજન કરવામાં આવ્યું છે.

૨૨,૮૬૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલો ૧૬૬ કિલોમીટર લાંબો કોરિડોર તૈયાર થયા બાદ ગુવાહાટી અને સિલચર જવાનો સમય ઘણો ઘટી જશે. હાલ આ સફર પૂરો કરવામાં ૮.૫ કલાકનો સમય લાગે છે, ત્યારે કોરિડોર તૈયાર થયા બાદ સફર માત્ર પાંચ કલાકમાં પુરો કરી શકાશે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ પ્રોજેક્ટથી આસામ અને મેઘાલય બંનેને આર્થિક ફાયદો થવાનો છે, જેમાં વેપાર, પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે. આ ઉપરાંત વ્યસ્ત રસ્તાઓ પર થતા ટ્રાફિક જામમાંથી પણ મોટી રાહત મળશે. આ સાથે મિઝોરમ, ત્રિપુરા અને મણિપુર જેવા પડોશી રાજ્યો સાથેની કનેક્ટિવીટીમાં પણ વધારો થશે.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી હિમંતા બિસ્મા સરમાએ કહ્યું કે, ભારત વિકસીત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્ય તરફ ઝડપથી વધી રહ્યું છે, તેમાં આસામ મહત્ત્વની ભૂમિકા નિભાવવા ઈચ્છે છે. અમારી સરકાર રાજ્યને એક મજબૂત અને વિકસિત રાજ્ય બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પહેલા વડાપ્રધાને કરીમગંજ જિલ્લાના પથારકંડીમાં નવા કૃષિ મહાવિદ્યાલયનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ સંસ્થા આસામમાં કૃષિ શિક્ષણ અને સંશોધનને મજબૂત કરશે તેમજ બરાક ખીણ તથા આસપાસના વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓને પોતાના ઘર પાસે જ ઊચ્ચ ગુણવત્તાનું શિક્ષણ મળશે. વડાપ્રધાને ૧૩ માર્ચે પણ આસામના કોકરાઝારમાં ૪૫૭૦ કરોડ રૂપિયાથી વધુના જુદા જુદા પ્રોજેક્ટનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું હતું. આ ઉપરાંત તેમણે ગુવાહાટીમાં ૧૯૫૭૭.૫૮ કરોડ રૂપિયાના પાણી, વીજળી, રેલવે સહિતના ૧૩ પ્રોજેક્ટ રાષ્ટ્રને અર્પણ કર્યા હતા. વડાપ્રધાન મોદીએ આસામની પ્રજાને સંબોધન કરતી વખતે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ યુદ્ધ જેવા સંવેદનશીલ સમયમાં દહેશત ફેલાવવાનું રાજકારણ રમી રહી છે. કેટલાક લોકો ભારત વિરોધી તાકાતના હાથોની કઠપુતડી બની જાય છે અને દેશનો માહોલ ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. દેશની સુરક્ષા અને એકતા સાથે ક્યારે રાજકારણ ન થવું જોઈએ. પરંતુ કોંગ્રેસ સતત એવા નિવેદનો આપી રહી છે, જે દેશના હિતમાં નથી.'



બંગાળની ધરતી પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મમતા સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. કોલકાતામાં પરિવર્તન સંકલ્પ યાત્રાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું- બંગાળમાં હિન્દુઓને અલ્પસંખ્યક બનાવવામાં આવી રહ્યા છે.

હવે બંગાળમાંથી નિર્દય સરકારનો અંત આવીને જ રહેશે. હવે બંગાળમાંથી મહાજંગલરાજનો ખાતમો થશે. કાલે ટીએમસીએ આ રેલીમાં આવનારા આપ સૌ લોકોને 'ચોર' કહીને ગાળો આપી છે, અસલી ચોર કોણ છે તે બંગાળની બુદ્ધિશાળી જનતા જાણે છે. પોતાની ખુરશી જતી જોઈને અહીંની નિર્દય સરકાર નમાલી થઈ ગઈ છે. તે કેન્દ્ર સરકારની યોજનાઓ રોકી રહી છે. તેમને એક પૈસો નથી આપવો, છતાં નથી ઈચ્છતી કે કેન્દ્રની યોજનાઓનો લાભ બંગાળના લોકોને મળે.

પીએમ મોદીએ કહ્યું, આ ટીએમસી સરકાર પોતાની સ્વાર્થી રાજનીતિને કારણે અહીં આયુષ્માન ભારત યોજનાને પણ લાગુ કરી રહી નથી. દેશભરના કરોડો લોકો આ યોજના હેઠળ ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ લઈ રહ્યા છે. આ લાભ આપ સૌને પણ મળવો જોઈએ, પરંતુ બંગાળના પરિવારોને આ યોજનાના અધિકારથી પણ ટીએમસી સરકારે વંચિત રાખ્યા છે.

પીએમ મોદીએ કહ્યું- આપ સૌએ દેશભરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની સફળતા વિશે સાંભળ્યું છે. ગરીબ પરિવારોને પાકું ઘર મળી રહ્યું છે, પરંતુ અહીં શું થયું? યોજનાનું નામ બદલી દેવામાં આવ્યું, લાભાર્થીઓની યાદીમાં ગરબડ કરવામાં આવી અને જે ગરીબોને ઘર મળવાનું હતું તેઓ આજે પણ રાહ જોઈ રહ્યા છે. માત્ર વીજળી, પાણી, રસ્તા, ઘરની વાત નથી, ટીએમસી સરકાર પોતાની રાજનીતિને કારણે આયુષ્માન યોજનાને પણ લાગુ કરી રહી નથી.

### મુસાફરોએ ચુકવવો પડશે ફ્યુઅલ સરચાર્જ...

## ઈન્ડિગોએ ૨૩૦૦ રૂપિયા સુધી વધાર્યા ફ્લાઈટના ભાડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકા ઈરાનના યુદ્ધ વચ્ચે ક્રુડ ઓઈલ સપ્લાય ચેઈન ખોરંભાઈ છે. ત્યારે વિશ્વમાં જેટ ફ્યુઅલના ભાવોમાં પણ વધારો થયો છે. જેના પગલે ભારતની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ તમામ ટિકિટોના ભાવમાં વધારો કરવાની જાહેરાત કરી છે. ઈન્ડિગોએ ફ્લાઈટ ટિકિટના ભાવમાં રૂપિયા ૪૨૫ થી રૂપિયા ૨,૩૦૦ સુધીનો વધારો કર્યો છે. જે મુસાફરો પાસેથી ઈંધણ સરચાર્જ તરીકે વસૂલવામાં આવશે. ઈન્ડિગોએ માહિતી આપી હતી કે ફ્લાઈટ ટિકિટના નવા ભાવ ૧૪ માર્ચ, ૨૦૨૬ થી અમલમાં આવશે. ઈન્ડિગોએ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવને કારણે ઈંધણના ભાવમાં થયેલા નોંધપાત્ર વધારાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે.



જેટ ફ્યુઅલ મોનિટર અનુસાર, આ ક્ષેત્રમાં ઈંધણના ભાવમાં ૮૫ ટકાથી વધુનો વધારો જોવા મળ્યો છે. કંપનીએ જણાવ્યું છે કે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એરલાઈનના સંચાલન ખર્ચનો મોટો ભાગ છે. આ અચાનક ભાવવધારાથી ઈન્ડિગો સહિત તમામ એરલાઈન્સના ખર્ચ અને નેટવર્ક પર નોંધપાત્ર અસર પડશે. કંપનીએ જણાવ્યું હતું કે, "જ્યારે ઈંધણના ભાવમાં આ મોટા વધારાનો સંપૂર્ણ પ્રભાવ ઘટાડવા માટે ભાડામાં ફેરફાર જરૂરી છે.

ઈન્ડિગોએ ગ્રાહકો પરના બોજને ધ્યાનમાં રાખીને ફ્યુઅલ ચાર્જ ના રૂપમાં પ્રમાણમાં ઓછો વધારો લાગુ કર્યો છે. ૧૪ માર્ચ ૨૦૨૬ ના રોજથી ઈન્ડિગો ફ્લાઈટ્સ માટે તમામ નવી બુકિંગ પર ભાડાની સાથે ઈંધણ ચાર્જ વસૂલવામાં આવશે.ઈન્ડિગોએ ભારતમાં ચાલતી બધી સ્થાનિક ફ્લાઈટ્સ માટે રૂપિયા ૪૨૫ નો વધારાનો ઈંધણ ચાર્જ નક્કી કર્યો છે. ભારતીય ઉપખંડના દેશો, જેમ કે બાંગ્લાદેશ, નેપાળ, ભૂતાન, શ્રીલંકા અને માલદીવ્સ માટે પણ રૂપિયા ૪૨૫ નો ઈંધણ ચાર્જ વસૂલવામાં આવશે.

ઈન્ડિગોએ મધ્ય પૂર્વની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૯૦૦; દક્ષિણપૂર્વ એશિયા અને ચીનની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૧,૮૦૦, આળિકન અને પશ્ચિમ એશિયાઈ દેશોની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૧,૮૦૦ અને યુરોપિયન દેશોની ફ્લાઈટ્સ માટે રૂપિયા ૨,૩૦૦ ઈંધણ ચાર્જ નક્કી કર્યો છે.

## કેન્દ્ર સરકારના દાવા છતાં દેશભરમાં એલપીજીની અછત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલતું યુદ્ધ હાલ અટકવાની કોઈ સંભાવના દેખાતી નથી ત્યારે ભારતમાં રાંધણ ગેસની ભારે અછત વર્તાઈ રહી છે. એલપીજીનો પર્યાપ્ત જથ્થો હોવાના દાવા વચ્ચે લોકોએ ઘરેલુ રાંધણ ગેસ ખરીદવા માટે એજન્સીઓની બહાર લાઈનો લગાવી છે.

આવા સમયે દેશમાં પંજાબના બરનાલા જિલ્લામાં એલપીજી સિલિન્ડરની લાઈનમાં ઊભા રહેલા એક વૃદ્ધનું મોત થતા ભારે હોબાળો મચી ગયો હતો. બીજીબાજુ ક્રૂડ ઓઈલના ભાવમાં જંગી ઊછાળાના કારણે દેશમાં ઓઈલ કંપનીઓને દૈનિક રૂ. ૨,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું હોવાના અહેવાલ આવ્યા છે, જે એલપીજી પછી હવે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારાના સંકેત આપે છે.મધ્ય-પૂર્વમાં યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર થઈ ગયા છે, જેના કારણે ભારતીય ઓઈલ કંપનીઓની ચિંતા વધી ગઈ છે. અમેરિકા અને ઈરાનના યુદ્ધના પગલે એલપીજીના ભાવમાં તુરતં વધારો કરી દેવાયો હતો, પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો કરાયો નહોતો જ્યારે છેલ્લા ૧૫ દિવસમાં ક્રૂડ ઓઈલના ભાવમાં ૩૦ ટકાથી વધુનો ઊછાળો આવ્યો છે. આવા સમયે એક રિપોર્ટમાં દાવો કરાયો છે કે સરકારી ઓઈલ કંપનીઓ ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમને ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવની સરખામણીમાં ઓછી કિંમતે પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરવાના કારણે દૈનિક રૂ. ૨,૦૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. ભારતમાં હાલ સરેરાશ પેટ્રોલનો ભાવ પ્રતિ લીટર રૂ. ૯૪.૭૭થી રૂ. ૧૦૫.૪૧ વચ્ચે છે જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૮૭.૬૭થી રૂ. ૯૨.૦૨ વચ્ચે છે. બ્રોકરેજ કંપની સિસ્ટેમેટિક્સના રિપોર્ટ મુજબ આ ભાવે પેટ્રોલ વેચતા કંપનીઓને અંદાજે પ્રતિ લીટર રૂ. ૨૦ અને ડીઝલ પર રૂ. ૪૫નું નુકસાન થઈ રહ્યું છે.

### યુદ્ધ વચ્ચે અમેરિકાએ લીધો મોટો નિર્ણય

## અમેરિકાએ મિડલ ઈસ્ટમાં ૨૫૦૦ મરીન-યુદ્ધ જહાજ રવાના કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન ડીસી

ઈરાન અને અમેરિકા વચ્ચે છેલ્લા બે અઠવાડિયાથી ચાલી રહેલા સંઘર્ષમાં હવે એક નવો વળાંક આવ્યો છે. પશ્ચિમ એશિયામાં સતત વધતા તણાવને જોતા અમેરિકાએ આક્રમક વલણ અપનાવ્યું છે. અમેરિકી સંરક્ષણ વિભાગે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરવા માટે જંગી સૈન્ય જમાવટ કરવાનો નિર્ણય લીધો છે. આ કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ્ય ઈરાન તરફથી વધી રહેલા ખતરાને રોકવાનો અને આંતરરાષ્ટ્રીય જળસીમામાં સુરક્ષા સુનિશ્ચિત કરવાનો માનવામાં આવી રહ્યો છે. તાજેતરના અહેવાલ મુજબ, અમેરિકાએ પોતાની '૩૧મી મરીન એક્સપિડિશનરી યુનિટ'ના ૨૫૦૦ જાંબાઝ સૈનિકોને મધ્ય પૂર્વ મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ સૈનિકોની સાથે વિશાળ એમ્ફીબિયસ એસોલ્ટ શિપ 'USS ત્રિપોલી' પણ મોકલવામાં આવી રહ્યું છે. જાપાનમાં સ્થિત આ જહાજ હાલમાં તાઈવાન નજીક પ્રશાંત મહાસાગરમાં હતું, જે આગામી એક સપ્તાહમાં ઈરાન પાસે પહોંચશે. આ યુનિટ દરિયાઈ હુમલા કરવા ઉપરાંત દૂતાવાસોની સુરક્ષા અને રેસ્ક્યુ ઓપરેશનમાં નિષ્ણાત માનવામાં આવે છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે અમેરિકી સેનાએ ઈરાનના વ્યૂહાત્મક રીતે મહત્વના એવા 'ખાર્ગ દ્વીપ' પરના સૈન્ય ઠેકાણાઓને નેસ્તનાબૂદ કરી દીધા છે. ઉલ્લેખનીય છે કે ખાર્ગ દ્વીપ ઈરાનનો મુખ્ય ઓઈલ એક્સપોર્ટ ટર્મિનલ છે. ટ્રમ્પે કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે જો ઈરાન 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં જહાજોની અવરજવર રોકવાનો પ્રયાસ કરશે, તો ઈરાનના સમગ્ર ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને તબાહ કરી દેવામાં આવશે.ઈરાનની રાજધાની તેહરાનમાં જ્યારે હજારો લોકો કુદ્દસ ડે રેલી માટે એકઠા થયા હતા, ત્યારે ફર્દોસી સ્કવેર પાસે એક ભયાનક ધડાકો થયો હતો. આ હુમલા પહેલા ઈઝરાયલે સોશિયલ મીડિયા પર ચેતવણી આપી હતી, પરંતુ ઈન્ટરનેટ સેવાઓ ઠપ્પ હોવાથી લોકો સુધી આ માહિતી પહોંચી શકી નહોતી. બીજી તરફ, ઈરાનના સંસદ સ્પીકરે કહ્યું છે કે આવા હુમલાઓથી હવે તેમના ધૈર્યની સીમા આવી ગઈ છે. ઈરાને પણ વળતો પ્રહાર કરતા ઈઝરાયલ અને પડોશી દેશો પર મિસાઈલ હુમલા તેજ કર્યા છે.

## PM મોદીની જનસભા પહેલા કોલકાતામાં TMC-BJP વચ્ચે ઘર્ષણ

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી પૂર્વે સ્થિતિ તંગ બની ગઈ છે. ગિરીશ પાર્ક વિસ્તારમાં ભાજપ અને TMC કાર્યકર્તાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટનામાં પથ્થરબાજીને કારણે અનેક કાર્યકર્તાઓ ઘાયલ થયા છે અને અદૃશ્ય તણાવને જોતાં વધારાનો પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો છે. બંગાળના મંત્રી ડૉ. શશી પાંજાએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, ભાજપના કાર્યકર્તાઓએ તેમના ગિરીશ પાર્ક સ્થિત કાર્યાલય અને નિવાસસ્થાન પર પથ્થરમારો કર્યો હતો.

ડૉ. પાંજાના જણાવ્યા અનુસાર બહારના લોકોએ તેમના ઘરને નિશાન બનાવ્યું હતું. ભાજપના સમર્થકોને લઈ જતી બસોમાં અગાઉથી જ પથ્થરો ભરેલા હતા. આ હુમલામાં અનેક TMC કાર્યકર્તાઓ ઘાયલ થયા છે. બીજી તરફ, ભાજપે આ તમામ આરોપોને નકારી કાઢતા વળતો પ્રહાર કર્યો છે. ભાજપનો દાવો છે કે, વડાપ્રધાનની રેલીમાં જઈ રહેલા ભાજપના વાહનો પર TMC કાર્યકર્તાઓએ પથ્થરમારો કર્યો હતો. આ હિંસામાં ઉત્તર કોલકાતા જિલ્લા ભાજપ પ્રમુખ તમોઘ્ન ઘોષ સહિત અનેક કાર્યકર્તાઓ ઘાયલ થયા છે.

ઘટનાની ગંભીરતાને જોતાં ગિરીશ પાર્ક અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનોને ઉતારી દેવામાં આવ્યા છે. હાલ પોલીસ સ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ રેલી પહેલા થયેલી આ અથડામણે રાજકીય વાતાવરણને વધુ ગરમાવી દીધું છે.

BJPએ આરોપ મૂક્યો છે કે TMC કાર્યકરોએ તેમના સમર્થકોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલીમાં જતા રોકવાનો પ્રયાસ કર્યો હતો. પાર્ટી નેતાઓના જણાવ્યા અનુસાર, જ્યારે BJP કાર્યકરો બ્રિગેડ મેદાન તરફ જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં તેમને અટકાવ્યા અને બંને પક્ષો વચ્ચે વિવાદ વધ્યો હતો. બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસે આ આરોપોને નકારીને જવાબ આપ્યો છે. TMC નેતા શશી પાંજાએ આરોપ મૂક્યો કે BJP કાર્યકરોએ જ તેમના ઘરના નજીક પથ્થરમારો કર્યો અને વાતાવરણ બગાડવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઘટનામાં ઘણા કાર્યકરોને ઈજા થઈ હોવાની માહિતી પણ મળી રહી છે. BJP નેતા તમોઘ્ના ઘોષ પર પણ હુમલો થયો હોવાનો આરોપ છે. મળતી માહિતી મુજબ, ગિરિશ પાર્ક વિસ્તારમાં તેમના પર હુમલો થયો હતો અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. BJPએ આરોપ મૂક્યો છે કે આ હુમલો TMC સાથે જોડાયેલા લોકોએ કર્યો છે.

બીજી તરફ, TMCએ આ આરોપોને સંપૂર્ણ પણે નકારી કાઢ્યા છે. TMC નેતા શશી પાંજાએ કહ્યું કે, BJPના કાર્યકરોએ જ તેમના ઘરના નજીક પથ્થરમારો કર્યો અને વાતાવરણ બગાડવાનો પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે તેમના પર ઈંટ અને પથ્થરથી હુમલો થયો હતો, જેમાં તેમને પણ ઈજા પહોંચી છે. TMCએ કહ્યું કે BJP કાર્યકરોએ બસો પર પણ હુમલો કર્યો છે, જેથી તેમના લોકો બ્રિગેડ મેદાન સુધી પહોંચી ન શકે.

## કલ્યાણમાં પત્નીને પતાવી નાસિક પોલીસ સ્ટેશન પહોંચ્યો પતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)કલ્યાણ

મહારાષ્ટ્રમાં કલ્યાણના ઉંબર્ડ પરિસરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક પતિ પોતાની પત્નીની હત્યા કર્યા બાદ નાસિક ગયો અને સરકારવાડા પોલીસ સ્ટેશનમાં પહોંચી પોલીસકર્મીને હત્યાની વાત જણાવી. શરૂઆતમાં તો પોલીસને તેના પર વિશ્વાસ આવ્યો નહીં. ઘટનાની ખાતરી કરવા માટે નાસિક પોલીસે કલ્યાણના ખડકપાડા પોલીસનો તત્કાલ સંપર્ક કર્યો હતો. ખડકપાડા પોલીસની એક ટીમ તત્કાલ ઉંબર્ડમાં વિશાલે આપેલા સરનામે પહોંચી હતી. ત્યાં ઘરમાં પોલીસને અર્ચના ભુટકરની લાશ મળી હતી. ઘટનાની પુષ્ટિ થયા બાદ નાસિક પોલીસે વિશાલની અટકાયત કરી હતી. વિશાલ ભુટકર અને અર્ચનાને બે બાળકો છે, એક બાળક વિશાલની સાથે અને બીજુ અર્ચનાની માતા સાથે રહેતું હતું. પોલીસ અનુસાર દંપત્તિ વિશાલ ભુટકર અને અર્ચના ભુટકર વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. વિશાલને અર્ચનાના ચરિત્ર પર શંકા હતી, જેના કારણે બંને વચ્ચે લડાઈ થતી હતી. ઘટનાના દિવસે વિશાલ કલ્યાણના ઉંબર્ડે સ્થિત તે ઘરે પહોંચ્યો જ્યાં અર્ચના રહેતી હતી. ત્યાં બંને વચ્ચે વિવાદ થયો અને ગુસ્સામાં આવી વિશાલે ગળું દબાવી અર્ચનાની હત્યા કરી દીધી હતી. હત્યા બાદ આરોપી વિશાલ ત્યાંથી ભાગી ગયો અને સીધો નાસિકમાં પોતાના ભાઈ પાસે પહોંચી ગયો હતો.




# તંત્રી લેખ......

## વિપક્ષનો રાજકીય નાદારી, હેડલાઈન્સ બનાવવાનો હાસ્યાસ્પદ પ્રયાસ

લોકસભા સ્પીકર સામે અવિશ્વાસ પ્રસ્તાવ હાર્યા પછી, વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને બરતરફ કરવું તેની રાજકીય અને બૌદ્ધિક નાદારી દર્શાવે છે. સંખ્યાબંધ મતાધિકારના અભાવે અને મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની જટિલ અને લાંબી પ્રક્રિયાને કારણે વિપક્ષની આ પહેલ સફળ નહીં થાય તે લગભગ નિશ્ચિત છે. જો કે, જો તેઓ આમ કરી રહ્યા છે, તો તે સ્પષ્ટપણે સમાચારોમાં ઉતરવા અને એ વાતનો ભય વ્યક્ત કરવા માટે છે કે મતદાર યાદીઓના વિશેષ સઘન સંશોધન દ્વારા તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે.બિહારમાં એસઆઈઆર દરમિયાન પણ આવો જ અવાજ ઉઠાવવામાં આવ્યો હતો, પરંતુ દરેક વ્યક્તિ જાણે છે કે વિપક્ષને ચૂંટણીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. એ પણ અવગણવું જોઈએ નહીં કે સુપ્રીમ કોર્ટે વારંવાર કહ્યું છે કે જૈંઈનું સંચાલન કરવું એ ચૂંટણી પંચનો વિશેષાધિકાર છે અને તે આ પ્રક્રિયામાં દખલ કરશે નહીં. તૃણમૂલ કોંગ્રેસ, જેને એસઆઈઆર સામે સૌથી વધુ વાંધો છે અને જેની પહેલ પર મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની નોટિસ બજાવવામાં આવી હતી, તે સુપ્રીમ કોર્ટે માત્ર નિરાશ જ નથી થઈ, પરંતુ તેના દ્વારા ઠપકો પણ આપ્યો છે. એવું લાગે છે કે તૃણમૂલ કોંગ્રેસ નારાજ છે કે, બંગાળ વહીવટીતંત્ર દ્વારા એસઆઈઆરમાં અવરોધને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે આ પ્રક્રિયાને ન્યાયિક દેખરેખ સોંપી છે. સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય બંગાળ વહીવટીતંત્રની પ્રામાણિકતા પર પ્રશ્નો ઉભા કરે છે. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સુપ્રીમ કોર્ટ બંગાળમાં એસઆઈઆરને વધુ સાંભળવાના મૂડમાં નથી. આનો અર્થ એ થાય છે કે ત્યાં જારી કરાયેલ એસઆઈઆરમાં કોઈ ખામી નથી. જો, આ પછી પણ, તૃણમૂલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો માને છે કે મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાના તેમના પ્રયાસોથી તેમને નોંધપાત્ર રાજકીય લાભ મળશે અને દેશના લોકોનું ધ્યાન આકર્ષિત થશે, તો આ એક સ્વપ્ન છે. જો વિપક્ષ મુખ્ય ચૂંટણી કમિશનરને દૂર કરવાની જરૂરિયાતને ઉજાગર કરીને ચૂંટણી પંચને કલંકિત કરવાની યોજના ધરાવે છે, તો આ પણ એક બિનજરૂરી રાજકીય કવાયત માનવામાં આવશે, કારણ કે દરેક જાણે છે કે તાજેતરના વર્ષોમાં, પંચે માત્ર જાહેર વિશ્વાસ જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પણ મેળવી છે. ખોટા આરોપો સાથે બંધારણીય સંસ્થાને બદનામ કરવી એ રાજકીય આત્મહત્યા સિવાય બીજું કંઈ નથી, કારણ કે તૃણમૂલ કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષી પક્ષો, જે ચૂંટણી પંચના કાર્યપદ્ધતિથી અસંતુષ્ટ છે, તે જ કમિશન દ્વારા યોજાતી ચૂંટણીઓ દ્વારા સત્તામાં છે.

## આ છે ગુજરાતનુ વિકાસ મોડલ : છેલ્લા પાંચ વરસમાં મફત રાશન લેનારાઓ ની સંખ્યામાં ૪૧ લાખનો વધારો: ભાજપ સરકાર ગરીબી દુર કરવાની વાતો કરી રહી છે પરંતુ વાસ્તવિકતામાં ગરીબોનો વધારો થઈ રહ્યો છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે અન્ન નાગરીક પુરવઠા વિભાગની બજેટ માંગણી સામે કોંગ્રેસના ધારાસભ્યએ કાપ દરખાસ્ત મુકતા સરકાર સામે આકરા પ્રહારો કરી જણાવ્યુ હતુ કે રાજયમાં મફત અનાજ વિતરણમાં પાંચ વરસમાં લાભ લેનારા ૪૧ લાખ લોકો વધ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારના વિકાસ મોડલને વિકાસશીલ ગરીબનુ મોડલ ગણાવીને કહ્યુ હતુ કે ૨૦૨૧-૨૨ માં ૩.૪૧ કરોડ લોકોએ રાજયમાં મફત અનાજ વિતરણનો લાભ લીધો હતો અને આજે ૨૦૨૫-૨૬ માં ૩.૮૨ કરોડ લોકો લાભ લેવા નોંધાયા છે. જેમાં ૭૫.૨૯ લાખ કુટુંબો છે. આમ પાંચ વરસમાં ૪૧ લાખ લોકો વધ્યા છે. ૨૦૨૦ કરતા ૨૦૨૫ માં ૫,૨૩,૮૧૬ ટન વધુ મફત અનાજ વિતરણ થયુ છે. રાજયની ૧૦૦ ટકા વસ્તીમાં ૫૫ ટકા વસ્તી મફત અનાજ મેળવે છે.

૪૫ ટકા લાભ નથી લેતા, જયારે સરકારે બચાવમાં કહ્યુ કે કોંગ્રેસના આંકડા ખોટા છે. દેશમાં કુલ ૮૦ કરોડ લાભાર્થી છે. ત્યારે રાજયમાં




૨૦૨૪ માં ૩.૩૪ કરોડ લાભાર્થી નોંધાયા છે. ૩.૮૩ કરોડ સુધી લાભાર્થી પહોચી શકે છે. રાજયમાં તુવેરદાળ , ચણા અને ખાંડ ના વિતરણમાં પારદર્શિતા લાવવા તથા ગ્રાહકોની ફરીયાદો ઘટાડવા માટે સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે મુજબ હવે આ વસ્તુઓનુ વિતરણ છુટકને બદલે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકીંગમાં કરવામાં આવશે. આ અંગે વિધાનસભામાં અન્ન નાગરીક પુરવઠા મંત્રીએ જણાવ્યુ હતુ કે જાહેર વિતરણ વ્યવસ્થા સાથે સંકળાયેલા ૧૭ હજાર થી વધુ વ્યાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં પણ વધારો કરવામાં આવ્યો છે. હવે દુકાનદારોને પ્રતિ કિવન્ટલ ૧૫૦ રૂપીયાના બદલે ૧૮૫ રૂપીયા કમિશન ચુકવાશે. જેના માટે સરકાર દ્વારા ૬૭.૨૦ કરોડ રૂપીયાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. રાજયના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં પ્રિ-લીટીગેશન અને સમાધાન કેન્દ્રો સ્થાપવામાં આવશે જેથી ફરીયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે.

આ ઉપરાંત વિશ્વમાં પ્રથમવાર કંપનીઓને ગ્રાહકો પ્રત્યેના વર્તન અને ફરીયાદ નિવારણ ના આધારે રેટીંગ આપવા માટે કન્ઝયુમર રીસ્પોન્સિબિલિટી ઈન્ડેક્ષ તૈયાર કરનારૂ ગુજરાત વિશ્વનુ પ્રથમ રાજય બનશે.

## ઈંધણ બચાવવાના નિયમો માત્ર જનતા માટે : મંત્રીઓના કાફલાને લાગુ નહી પડે ? સરકારી ગાઈડ લાઈન સામે પ્રજામાં રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં પેટ્રોલ ડીઝલ અને એલપીજી ની અછત વચ્ચે ઉભી થયેલી અફરા તફરીને શાંત પાડવા માટે રાજય સરકારે કેટલીક નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. જો કે સરકાર ના આ સુચનો એ સોશીયલ મીડીયા અને પ્રજામાં એક નવી ચર્ચા જગાવી છે. સરકાર એક તરફ પુરતો જથ્થો હોવાનો દાવો કરે છે. તો બીજી તરફ ગ્રાહકોને કેવી રીતે રાંધવો અને એસી કેટલા પર ચલાવવુ તેની સલાહ આપી રહી છે. સરકારે જાહેર કર્યુ છે કે રાજયમાં ઈંધણનો પુરતો જથ્થો છે. છતાં સર્વર પરનો લોડ ઘટાડવા અને વ્યવસ્થા જાળવવા માટે કેટલાક નિયમોનુ પાલન કરવા જણાવાયુ છે. જેમાં ગેસ બુકીંગમાં અંતર રાખવુ, શહેરી વિસ્તારોમાં બે સીલીન્ડર વચ્ચે ૨૫ દિવસ અને ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસનુ અંતર રાખવુ પડશે, જયારે રાંધવાની પધ્ધતિમાં કઠોળ પલાળીને રાંધવા, કુકરનો ઉપયોગ કરવો અને સોલર કુકર જેવા વૈકલ્પિક સ્ત્રોતો અપનાવવા, તેમજ એસી પર નિયંત્રણ મામલે જણાવાયુ છે કે ઘરમાં ઉર્જા બચાવવા માટે એસી નું તાપમાન ૨૫ સેન્ટીગ્રેડ કે તેથી વધુ રાખવુ,




સરકારની આ શિખામણ સામે સામાન્ય નાગરીકોમાં ઉગ્ર પ્રતિક્રિયા જોવા મળી રહી છે. લોકો સવાલો ઉઠાવી રહ્યા છે કે શું આ નિયમો માત્ર પ્રજા માટે જ છે. નેતાઓનો કાફલો કયારે ઓછો થશે ? સામાન્ય માણસને એક એક લીટર ઈંધણ બચાવવાની સલાહ આપતી સરકારના મંત્રીઓ અને નેતાઓ શું પોતાના ૮-૧૦ ગાડીઓના કાફલામાં ઘટાડો કરશે ? શું તેઓ પબ્લીક ટ્રાન્સપોર્ટ નો ઉપયોગ કરીને પ્રજા માટે ઉદાહરણ પુરૂ પાડશે, એક તરફ સરકાર કહે છે કે જથ્થો પુરતો છે. તો બીજી તરફ બુકીંગ પર મર્યાદા કેમ ? જો વ્યવસ્થા યોગ્ય હોય તો પ્રજાને શું રાંધવુ અને કેવી રીતે રાંધવુ તેની શિખામણ આપવાની જરૂર કેમ પડી ? ગૃહિણીઓ સવાલ કરી રહી છે કે મોંઘવારીના માર વચ્ચે હવે રસોડામાં પણ સરકારના આદેશ મુજબ ચાલવાનુ ? જયારે સરકારી કચેરીઓમાં ચાલતા હાઈ વોલ્ટેજ એસી અને લકઝરી સુવિધાઓમાં કયારે કાપ આવશે ?

સરકારની આ એડવાઈઝરી ભલે વ્યવસ્થા જાળવવા માટે હોય પણ નૈતિક રીતે તે ત્યારે જ સ્વીકાર્ય બને જયારે સત્તાધીશો પોતે આનો અમલ કરીને પ્રજાને રાહ ચીંધશે, ઈંધણની તંગી સામે લડવા માટે પ્રજાનો સહકાર જરૂરી છે. પણ તે સહકાર જોર જબરદસ્તી થી કે શિખામણ આપીને નહી, પરંતુ સમાન જવાબદારીથી મેળવવો જોઈએ.

## ગુજરાતમાં પોલીસ પણ હવે સલામત રહી નથીઃ અરવલ્લી જિલ્લાના શામળાજી નજીક ચાલુ ગાડીએ પોલીસ ડ્રાઈવરનુ ગળુ દબાવ્યુંઃ સ્વબચાવમાં પોલીસે કર્યુ ગેંગસ્ટર પર કર્યુ ફાયરીંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી હોય તેવુ લાગી રહ્યુ છે. પોલીસ પણ હવે સલામત રહી નથી, ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ (ગુજસીટોક) ગુન્હામાં વોન્ટેડ અને ઓર્ગેનાઈઝડ ક્રાઈમ સાથે સંકળાયેલા રીઢા ગુન્હેગાર સુખલાલ ઉર્ફે શાકાજી ડાંગીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા માટે ફીલ્મી સ્ટાઈલે હુમલો કર્યો હતો.

અરવલ્લી જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ પાસે આરોપીએ પોલીસ ડ્રાઈવરનુ ગળુ દબાવવાની સર્જાયેલી અફરાતફરીમાં પોલીસ ઈન્સ્પેકટરે સ્વબચાવમાં ફાયરીંગ કરવુ પડયુ હતું. જેમાં આરોપીના કાંડા ના ભાગે ગોળી વાગતા તેને સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ ખસેડાયો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ગાંધીનગરના ગુજસીટોક અને દારૂબંધીના કેસમાં વોન્ટેડ સુખલાલ ઉર્ફે શાકાજી ડાંગી ને ગઈ તારીખ ૧૨ માર્ચ ના રોજ રાજસ્થાનના ઉદયપુરના પ્રતાપનગર વિસ્તારમાંથી દબોચી લીધો હતો. ગઈ કાલે શુક્રવારે સવારે પોલીસની ટીમ કારમાં આરોપીને લઈને ગુજરાત આવી રહી હતી. જેમાં આરોપીને હાથકડી



પહેરાવી પાછળની સીટ પર બે પોલીસ જવાનોની વચ્ચે બેસાડવામાં આવ્યો હતો. ગઈકાલે શુક્રવારે ૧૧ વાગ્યાની આસપાસ જયારે પોલીસની કાર શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પસાર કરી રહી હતી, ત્યારે અચાનક પાછળ બેઠેલા આરોપી સુખલાલે હિંસક વલણ અપનાવ્યુ હતું. તેણે હાથકડી વડે ગાડી ચલાવી રહેલા હેડ કોન્સ્ટેબલ જગદીશના માથા પર પ્રહાર કર્યો હતો. અને ત્યારબાદ હાથકડીની સાંકળ તેમના ગળામાં નાખી ગળુ ટુંપવાનો પ્રયાસ કર્યો હતો. ડ્રાઈવર પર હુમલો થતા ચાલુ ગાડીમાં જીવનુ જોખમ ઉભુ થયુ હતું અને કાર પરથી કાબુ ગુમાવ્યો હતો.

આ દરમિયાન બાજુની સીટ પર બેઠેલા પોલીસ ઈન્સ્પેકટરે આરોપીને ચેતવણી આપી હતી. પરંતુ આરોપી વધુ ઉશ્કેરાઈને હુમલો ચાલુ રાખતા આખરે ઈન્સ્પેકટરે પોતાની સર્વિસ ગન કાઢી આરોપીના જમણા હાથને નિશાન બનાવી એક રાઉન્ડ ફાયર કર્યો હતો. ગોળી સુખલાલ ના કાંડામાં વાગી ને આરપાર નીકળી ગઈ હતી અને ગાડીના પાછળના દરવાજામાં વાગી હતી. આ દરમિયાન કાર રોડ સાઈડની રેલીંગ સાથે ઘસાઈને ઉભી રહી ગઈ હતી. આ ઘટનામાં ઈજાગ્રસ્ત પોલીસ જવાન અને આરોપીને તાત્કાલીક શામળાજી સામુહિક આરોગ્ય કેન્દ્ર લઈ જવામાં આવ્યા હતા. જયાંથી આરોપીને વધુ સારવાર માટે હિંમતનગર સીવીલ હોસ્પીટલ રીફર કરાયો હતો.

શામળાજી પોલીસે આરોપી વિરૂધ્ધ સરકારી કર્મચારી પર હુમલો, ગંભીર ઈજા પહોચાડવાનો પ્રયાસ અને ફરજમાં રૂકાવટ બદલ નવી કલમો હેઠળ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ક્રિકેટર હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન મુશ્કેલીમાં!

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

ટી ૨૦ વર્લ્ડ કપમાં થયેલી જીતની ઉજવણીમાં ક્રિકેટર હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન ભાન ભૂલ્યા હતા, રાષ્ટ્ર ધ્વજના કરેલા અપમાન અંગે વડોદરાના કારેલીબાગ પોલીસ મથકે રિપબ્લિકન પાર્ટીના અગ્રણી શૈલેષ શુક્લએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતની થયેલી જીત બાદ તમામ ભારતીય પ્લેયરો શાનદાર ઉજવણીમાં વ્યસ્ત હતા, ત્યારે શરીર પર તિરંગો બાંધીને હાર્દિક પંડ્યા અને ઈશાન કિશને તેની ગર્લફ્રેન્ડ સાથે રાષ્ટ્રધ્વજ શરીર પર લપેટીને અતરંગ ફોટા પડાવ્યા હતા. હાર્દિક પંડ્યા એ તો એક જગ્યાએ સૂતા સૂતા ફોટોગ્રાફરોને વિવિધ પોઝ આપ્યા હતા અને ભારતીય તિરંગાનું હળાહળ અપમાન કર્યુ હતું. પરિણામે વિવિધ રાજ્યમાં ક્રિકેટર હાર્દિક પંડ્યા સામે તિરંગાના અપમાનની ફરિયાદો થઈ હતી. ત્યારબાદ વડોદરા ખાતે રિપબ્લિકન પાર્ટીના હોદ્દેદારોએ પણ કારેલીબાગ પોલીસ મથકે તિરંગાના અપમાન કરવા બદલ હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## વેપારીને શેરબજારમાં રોકાણ કરાવવાના નામે ૪ વ્યક્તિએ ૪ કરોડની ઠગાઈ આચરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સેટેલાઈટમાં રહેતા વેપારીને શેરબજારમાં રોકાણ કરી મોટું વળતર આપવાની લાલચ આપીને લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ અને સભ્યે કુલ ૨ ૪.૦૪ કરોડની છેતરપિંડી આચરી છે. આરોપીએ શેરબજારમાં રોકાણ કરવાની વાત કરીને પત્ની, માતા અને ભાગીદારના નામે આખું રેકેટ ચલાવીને અનેક લોકો સાથે છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ થઈ છે. વેપારીએ આ મામલે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર વ્યક્તિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.આંબાવાડીમાં રહેતા મહેન્દ્રભાઈ પટેલ વટવા જીઆઈડીસીમાં મશીનરી મેન્યુફેક્ચરિંગ કંપની ધરાવે છે. છેલ્લા પાંચ વર્ષથી લાયન્સ ક્લબમાં સભ્ય હોવાથી સભ્ય અને પ્રમુખ એવા મિહિર પરીખ સાથે પરિચય થયો હતો. મિહિર પોતે માર્કેટ, મ્યુચ્યુઅલ ફંડ, ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ તથા વીમા ક્ષેત્રની એમ.પી. ફિનકોર્પ સર્વિસિસ નામથી અલગ અલગ કંપની ધરાવતો હોવાનું જણાવતા હતા. જે કંપનીઓમાં પત્ની ધારા, માતા ગીતાબેન અને હેમરાજસિંહ રાણા ભાગીદાર તરીકે રહીને અલગ અલગ ગ્રાહકો પાસેથી રોકાણ કરવા માટે પૈસા મેળવી તે નાણાં અન્ય કંપની મારફતે રોકાણ કરાવતા હોવાની વાત કરી હતી. ગ્રાહકોના નામથી જ ડીમેટ એકાઉન્ટ ખોલાવીને તેમના જ નામે શેર ખરીદી કરવામાં આવતા હોવાની વાત કરીને મહેન્દ્રભાઈને રોકાણ કરવાની લાલચ આપી હતી. તેથી મહેન્દ્રભાઈ તેમના તથા તેમના પરિવારના સભ્યોના ખાતામાંથી કુલ ૨ ૫.૩૦ કરોડ ટ્રાન્સફર કર્યા હતા. જે બાદ મહેન્દ્રભાઈએ સારો નફો મળ્યો હોવાથી તે નાણાં વિડ્રો કરવાનું કહેતા મિહિર પરીખે શેરબજાર તેજીમાં હોવાનું કહીને નાણાં ન ઉપાડવા સલાહ આપી હતી. મિહિરે આપેલી એપ્લિશનમાં પણ ૫.૩૦ કરોડની સામે નફા સાથે ૬.૭૭ કરોડ રકમ બતાવવામાં આવી હતી. જયારે મહેન્દ્રભાઈએ પૈસા પરત માગ્યા ત્યારે મિહિરે વાયદાઓ કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આરોપીએ કુલ રોકાણમાંથી ૨.૭૨ કરોડની રકમ આપી હતી પરંતુ અન્ય રકમ પરત ન આપતા મહેન્દ્રભાઈએ તપાસ કરતા તેમના નામે કોઈ ડીમેટ ખાતું ખોલવામાં આવ્યું જ ન હોવાની જાણ થઈ હતી.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શનીવાર, ૧૪/૦૩/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૩૭૯૭ | ૪૪૦.૦૦ | ૬૨૫.૦૦ |
| ૨ | મગફળી | ૦ | ૯૫૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૫૦.૦૦ | ૧,૨૭૨.૦૦ |
| ૪ | રાયડો | ૪૫ | ૧,૧૮૧.૦૦ | ૧,૧૯૧.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૯૦.૦૦ | ૪૩૦.૦૦ |
| ૬ | મકાઇ | ૨૦ | ૩૩૦.૦૦ | ૩૮૦.૦૦ |
| ૭ | ચણા | ૧૫ | ૯૫૦.૦૦ | ૧,૦૩૦.૦૦ |
| ૮ | ચણા (કાબુલી ) | ૭૦ | ૧,૦૫૦.૦૦ | ૧,૪૫૮.૦૦ |
| ૯ | સોયાબીન | ૦ | ૯૫૦.૦૦ | ૧,૦૧૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

### ભાજપના પૂર્વ કોર્પોરેટરનો સર્કિટ હાઉસમાં બેસી સેટલમેન્ટ કરવાનો વિડીયો વાયરલ થયા બાદ કોંગ્રેસ આક્રોશમાં

## રાજકોટ સર્કિટ હાઉસમાં કોંગ્રેસનુ ઉગ્ર પ્રદર્શનઃ ગંગાજળ થી કરાયુ શુધ્ધિકરણઃ ભાજપવાળા પૈસા માંગે તો આપ નો સંપર્ક કરો : દિનેશ જોશી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટમાં ગેરકાયદેસર બાંધકામો વિરૂધ્ધ મહાનગરપાલિકામાં અરજી કરી ભાજપના પૂર્વ કોર્પોરેટર અનીલ મકવાણા તોડ કરતા કેમેરામાં કેદ થયા બાદ કોર્પોરેશનની ચુંટણી ટાંણે જ કોંગ્રેસને બગાસા ખાતા ખાતા પતાસુ મળી ગયુ છે અને આજે શનિવારે ભ્રષ્ટાચાર તથા સેટેલમેન્ટનો અડ્ડો બની ગયેલા સર્કિટ હાઉસ ખાતે કોંગ્રેસે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી સર્કિટ હાઉસમાં ગંગાજળના છંટકાવવા સાથે શુધ્ધિકરણ કર્યુ હતું. રાજકોટના હૃદય સમાન અને સરકારી ગરીમા ધરાવતુ સર્કિટ હાઉસ હાલ વિવાદોના ઘેરામાં આવ્યુ છે. તાજેતરમાં સોશીયલ મીડીયામાં ભાજપના એક નગરસેવક દ્વારા સર્કિટ હાઉસના રૂમમાં બેસીને લાંચ માંગતો વિડીયો વાયરલ થતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાના વિરોધમાં આજે શનિવારે રાજકોટ સર્કિટ હાઉસ ખાતે ઉગ્ર સુત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસની યાદીમાં જણાવ્યુ હતુ કે આ ઘટનાએ સરકારી મિલ્કતોના પ્રોટોકોલ અને સુરક્ષા સામે અનેક સવાલો ઉભા કર્યા છે. સર્કિટ હાઉસ માત્ર સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓના સત્તાવાર રોકાણ માટે છે. તો પછી કયા નિયમ હેઠળ નગરસેવકો કે રાજકીય કાર્યકરો આ રૂમોનો ઉપયોગ પોતાના અંગત (વહિવટ) માટે કરી રહ્યા છે ? વાયરલ વિડીયો જોતા સ્પષ્ટ થાય છે કે સરકારી સંકુલ હવે જનતાના કામના બદલે



સત્તાધારી પક્ષના આર્થિક સોદાબાજી અને ભ્રષ્ટાચારનુ કેન્દ્ર બની ગયુ છે. પ્રોટોકોલ મુજબ ચાલતા આ સ્થળે આવી અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોવા છતાં વહિવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ કેમ મૌન સેવી રહી છે ?

કોંગ્રેસે તોડકાંડ ની આ ઘટનામાં સર્કિટ હાઉસના મેનેજમેન્ટ અને જવાબદાર અધિકારીઓ સામે બેદરકારી બદલ તુરંત તપાસ સમિતિ નીમી કડક પગલા ભરવામાં આવે. છેલ્લા ૬ મહિનાના સીસીટીવી ફુટેજ તપાસીને કયા કયા રાજકીય તત્વોએ ગેરકાયદેસર રીતે રૂમોનો ઉપયોગ કર્યો છે. તે જાહેર કરવા તથા સરકારી સંકુલનો ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરનાર તમામ તત્વો વિરૂધ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવા માંગણી કરી છે. જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નકકર તપાસ કે કાર્યવાહી કરવામાં નહી આવે તો જનતાને સાથે રાખીને આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવુ જણાવાયુ છે. આમ આદમી પાર્ટી રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોશી એ મીડીયાના માધ્યમ થી કહ્યુ છે કે ભાજપના કોર્પોરેટર દ્વારા જે તોડકાંડ થઈ રહ્યો છે જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે, બાંધકામ ન તોડી પાડવા માટે તમારા બાંધકામનુ પગીપણુ કરવા માટે પહેલા ૩ લાખ રૂપીયા અને પછી છેલ્લે ૧ લાખ ૨૫ હજાર રૂપીયા ચા-પાણીના માંગ્યા છે. આવા લોકો જે ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેનો વિડીયો આપ જોઈ શકો છો. આ તોડ કરનાર વ્યકિત કહે છે કે આ તો એઆઈ થી બનાવેલો છે. જયારે બીજી તરફ જે દિલીપભાઈ પટેલ નામના વ્યકિત પાસે પૈસા માંગે છે એનુ પણ વિડીયોમાં નિવેદન આવ્યુ છે. તો આ વિડીયો કયાંથી બહાર આવ્યો, રાજકોટવાસીઓને મારી અપીલ છે કે તમારી પાસે ભાજપના કોઈપણ કોર્પોરેટર આવે અથવા તો પદાધિકારીઓ આવે અને પૈસા માંગે તો તમે આમ આદમી પાર્ટીનો સંપર્ક કરો. કરપ્શન કરવા માટે, તોડ કરવા માટે સર્કિટ હાઉસના દરવાજા પણ ખુલી જાય એટલુ જ નહી અનીલ મકવાણા એમ પણ કહે છે દરવાજો ખોલ, લાઈટ પંખા કરૂ, ચા મંગાવુ, સર્કિટ હાઉસ આપણું જ છે તો શું આ ભાઈ માટે સર્કિટ હાઉસના દરવાજા કાયમી ખુલ્લા જ હોય છે ? તેવો સવાલ ઉઠી રહ્યો છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

## ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને હરિયાણાની રાજસભાની ચૂંટણીના પ્રભારી તરીકે નિયુકત કરાતા એમને અભિનંદન પાઠવતા સામાજિક અગ્રણી છગનલાલ મેવાડા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત વિધાનસભાના ઈતિહાસમાં સૌથી નાની ઉંમરના નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી એવા હર્ષ સંઘવીને માથે સમગ્ર ગુજરાત રાજયની જવાબદારી હોવા છતાં એમને હરિયાણાની રાજય સભાની ચૂંટણીના ઉમેદવારો માટેની રાષ્ટ્રીય કક્ષાના પ્રભારી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે એ બદલ ગુજરાતીઓ અને સમગ્ર ગુજરાત માટે ગર્વની બાબત છે. અને આજ રીતે તેઓ જીવનમાં આગળ વધી દેશની સેવા કરતાં રહે એવી શુભેચ્છા સાથે એમને વિકાસ ગ્રાહક સુરક્ષા સંશોધન કેન્દ્રના દક્ષિણ ગુજરાત ના પ્રમુખ છગનલાલ મેવાડાએ ગુજરાતની ૬ કરોડની જનતા વતી અભિનંદન પાઠવતા ગર્વની લાગણી વ્યકત કરે છે.

આમ જોવા જઈએ તો નાયબ મુખ્યમંત્રીની સાથે બે ટર્મથી ગૃહમંત્રીની જવાબદારી બહુ મોટી હોય છે. ગુજરાતની બોર્ડરથી લઈ ૬ કરોડની જનતાની સુરક્ષાની જવાબદારીઓ છે. તેમજ માં-બેન – દીકરીઓ ની સુરક્ષા હોય કે પછી વારંવાર હાઈકોર્ટ, સેસન્સ કોર્ટો, યુનિવર્સિટી, પોસ્ટ ઓફિસો, પાસપોર્ટ ઓફિસો ને ક્રિમિનલ માઈન્ડ ધરાવતા અસામાજિક તત્વો ઈમેલના માધ્યમથી તેમજ ધાર્મિક સ્થળો, સરકારી કચેરીઓ વિગેરેને બોમ્બથી ઉડાવી દેવાની વારંવાર ધમકીઓ મળતી હોવા છતાં તમારા ગૃહ વિભાગના તમામ બાહોશ અધિકારીઓ એમના પોતાના જાન-માલની ચિંતા કર્યા વગર તેમજ ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ સહિતના તમામ સ્ટાફ સ્થળ નિરિક્ષણ કરી ને ૬ કરોડ ગુજરાતીઓની સુરક્ષા પૂરી પાડતા હોય છે. અને આવા બાહોશ અધિકારીઓને કારણે પ્રજા શાંતિની ઊંઘ લેતી હોય છે.

પરંતુ સોનાની થાળી માં લોઢાં ની મેખ જેવા કેટલાક લાંચિયા અને ભ્રષ્ટ અધિકારીઓ પોલીસ ખાતાને બદનામ કરી રહ્યા છે. તેવા ભ્રષ્ટ અને લાંચિયા અધિકારીઓને સુરત શહેર અથવા જિલ્લા તથા તાલુકાના નાનામાં નાના પોલીસ સ્ટેશનો સહિત સંવેદનશીલ વિસ્તારો જેવાકે લિંબાયત, ગોડાદરા, ડિંડોલી, ઉધના,ઉન, ભેસ્તાન, પાંડેસરા, સચીન, સચીન GIDC વિગેરે જેવા પોલીસ સ્ટેશનમાં રોજે રોજ નોંધાતા ખૂના મરકીના કારણે આવા વિસ્તારમાં ફરજ બજાવતા હેડ કોન્સટેબલથી લઈ ઉચ્ચ કક્ષાના અધિકારીઓને એક જ જગ્યા ઉપર ત્રણ વર્ષથી વધુ સમય થઈ ગયો હોય એમને શહેર જિલ્લા અને તાલુકાને બદલે જિલ્લા ફેર બદલી કરવામાં આવે કેમ કે ત્રણ વર્ષ એક જ જગ્યા એ નોકરી કરતાં હોવાથી ત્યાંના સ્થાનિક બુટલેગરો, અસામાજિક તત્વો, ડ્રગ્સનું વેચાણ કરનારાઓ તેમજ ગેરકાનૂની ધંધા કરનારાઓ ભૂ માફિયા અને લોકોની જમીનો કાવાદાવાથી હડપ કરનારાઓ અસલ જમીન માલિકો તથા મૂળ ખેડૂતો ને ખોટા પાવર, ખોટા દસ્તાવેજ, ખેડૂતો તેમજ ફલેટ માલિકોના મૃત્યુ બાદ મરનારની ખોટી સહી કરી સબ-રજીસ્ટાર અને નોટરીની મીલીભગતના કારણે લોકોની મિલકતો હડપી લેતા હોય છે.એવા લોકો સાથે નજીકના સંબંધો બંધાતા હોવાથી એમની મિલીભગતમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવાનું પાપ કરતાં હોય છે. એક જગ્યા એ લાંબા સમયથી નોકરી કરતાં હોવાથી લુખ્ખાતત્વોના મળતિયા મારફતે પોલીસ સાથે ઘરોબો બંધાતો હોવાથી પોલીસનો ખોફ રહેતો નથી. નાની નાની બાબતોમાં નાની મોટી લેવડ-દેવડમાં તેમજ એક બીજાની ગાડીને ઓવરટેક કરવામાં અને નહીં જેવી બાબતમાં લબરમૂછિયા ટપોરીઓ મારા-મારી અને ખૂના-મરકી કરી, ખંડણી, અપહરણ અને વ્યાજ ખોરોનો ત્રાસ, સરેઆમ રોડ ઉપર જાહેરમાં તલવાર, ચપ્પા, છુરી, ફટકા વિગેરેથી હત્યા કરી નાંખતા હોય છે. જેમને પોલીસનો કોઈ ખોફ રહેતો નથી. બુટલેગરો અને નાના-મોટા ગેરકાનૂની ધંધા કરનારાઓ પોલીસ કોન્સ્ટેબલથી લઈ ટોપના અધિકારીઓ સુધી એમના હપ્તા પહોંચતા હોવાથી બેફામ બની કોલર ઊંચા રાખી પોત પોતાના વિસ્તારમાં ભાઈગીરી, માફિયાગીરી બતાવતા હોય છે. જેના કારણે જાહેરમાં મારા-મારી ખૂના મરકી થતાં આમ નાગરિકની સુરક્ષાનો સવાલ ઊભો થાય છે.

એ સાથે નાની નાની બાળકીઓના અપહરણ કરવા સાથે એમને અવાવરું જગ્યામાં લઈ જઈ એમની ઉપર બળાત્કાર કરી હત્યા કરી નંખાય છે. એનાથી સ્કૂલે જતી વિધાર્થીનીઓના જાન-માલનું જોખમ રહેતું હોય છે. આથી ગુજરાતની છ કરોડની જનતાની માંગ છે કે નજીકમાં આવનારી મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, પંચાયતો ની ચૂંટણીઓ માટે આચારસંહિતા લાગે એ પહેલા ક્રાઈમ ડિપાર્ટમેન્ટ જેવા કે SOG, LCB, સ્પેશયલ બ્રાન્ચ, ક્રાઈમ બ્રાન્ચ, ઈકો સેલ તેમજ સ્થાનિક પોલીસ સ્ટેશનના નાના-મોટા અધિકારીઓની તાત્કાલિક ધોરણે જિલ્લા ફેર બદલી કરવી જેથી કોઈ અનિચ્છનિય ઘટનાને અંજામ અપાય નહીં એવી ગુજરાતની છ કરોડ જનતાની જાહેર અપિલ છે.

મોબાઈલ અને ટીવીના આભાસી વિશ્વ વચ્ચે સ્કાઉટ્સ-ગાઈડ્સના યુવાનો રાષ્ટ્ર અને પ્રકૃતિની સેવામાં કાર્યરતઃ રાજ્યપાલશ્રી

## સેવા, શિસ્ત અને સંસ્કાર જ યુવા જીવનનો સાચો શણગાર; સ્કાઉટ્સ-ગાઈડ્સ પ્રવૃત્તિ રાષ્ટ્રનિર્માણની પાઠશાળાઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

નાની ઉંમરે રચાયેલો સ્વભાવ જ આજીવન વ્યક્તિત્વની ઓળખ બને છે; ભૂલો છુપાવવાને બદલે પારદર્શક બનવા યુવાનોને રાજ્યપાલશ્રીની શીખ




ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે આયોજિત 'ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સ સંઘ'ના રાજ્ય સન્માન સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા સ્કાઉટ્સ-ગાઈડ્સ અને રોવર-રેન્જર્સને પુરસ્કાર આપી સન્માનિત કર્યા હતા.

આ તકે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી જ્યારે મોબાઈલ, ટીવી અને અન્ય વ્યસનોના પ્રભાવ હેઠળ છે, ત્યારે સ્કાઉટ્સ-ગાઈડ્સની આ શિસ્તબદ્ધ ટીમમાં જોડાયેલા બાળકો ખરેખર ભાગ્યશાળી છે. નાની ઉંમરે જ્યારે તમે વૃક્ષારોપણ, સ્વચ્છતા અને જળ સંરક્ષણ જેવા કાર્યો સાથે જોડાવ છો, ત્યારે તે તમારા જીવનનો હિસ્સો અને સ્વભાવ બની જાય છે. શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે બાળપણમાં બનેલો સ્વભાવ અંતિમ શ્વાસ સુધી બદલાતો નથી.

કિશોરાવસ્થામાં થતા શારીરિક અને માનસિક પરિવર્તનો વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ માર્ગદર્શન આપ્યું કે, સાતમા ધોરણથી લઈને કોલેજ સુધીની આ ઉંમર અત્યંત સંવેદનશીલ હોય છે. આ ઉંમરે બાળકો હૃદયથી વધુ અને મગજથી ઓછું વિચારે છે. જે બાળક પોતાની ભાવનાઓ પર નિયંત્રણ રાખી વિવેકબુદ્ધિથી નિર્ણય લે છે, તે જ બધાથી અલગ તરી આવે છે અને સફળતાના શિખરો સર કરે છે.

રાજ્યપાલશ્રીએ બાળકોને નિર્ભય અને પારદર્શક બનવાની શીખ આપતા કહ્યું કે, મનુષ્ય હોવાને નાતે ભૂલ થવી સ્વાભાવિક છે, પરંતુ ભૂલને છુપાવવી એ અપરાધના માર્ગે જવાનું પ્રથમ પગલું છે. જે ક્ષણે તમે ભૂલ છુપાવો છો, તે ક્ષણે તમે અપરાધી બનવાનું બીજ વાવો છો. કોઈ પણ ભૂલ થાય તો તમારા માતા-પિતા કે ગુરુજનોને નિસંકોચ જણાવી દો. તેનાથી તમારા મનનો બોજ હળવો થશે અને તમે ખોટા માર્ગે જવાથી બચી જશો.

'કર્મ જ ધર્મ'ના સૂત્રને સમજાવતા રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આળસ એ મનુષ્યના શરીરનો સૌથી મોટો શત્રુ છે. સૂતેલા સિંહના મોઢામાં હરણ પોતે આવીને પ્રવેશતું નથી, તેને પણ શિકાર માટે પરિશ્રમ કરવો પડે છે. તેવી જ રીતે, જીવનમાં શૈક્ષણિક કે સામાજિક ક્ષેત્રે સફળ થવા માટે તપસ્વી જીવન અને સખત મહેનત અનિવાર્ય છે.

રાજ્યપાલશ્રીએ વ્યસનમુક્તિ અને શુદ્ધ આહાર પર ભાર મૂકતા જણાવ્યું કે, આજની યુવા પેઢી જંક ફૂડ અને વ્યસનો તરફ વળી રહી છે, જે કેન્સર અને હાર્ટ એટેક જેવી બીમારીઓને આમંત્રણ આપે છે. માતાના હાથે બનેલું શુદ્ધ ભોજન જ સ્વાસ્થ્યનો સાચો આધાર છે. તેમણે ઉમેર્યું કે, આપણે માત્ર ૩ વર્ષ એક વૃક્ષને ઉછેરવાનું છે, પછી તે વૃક્ષ આજીવન આપણને ઓક્સિજન આપે છે. પથ્થર મારનારને પણ ફળ આપનારા વૃક્ષો પાસેથી આપણે પરોપકારની ભાવના શીખવી જોઈએ.

આ પ્રસંગે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, રાજ્યપાલશ્રીએ માત્ર લોકભવનમાં રહીને જ નહીં, પરંતુ આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં જઈને, ગરીબ-ખેડૂતોના ઘરે તેમની સાથે ભોજન લઈ, ગામની સરકારી પ્રાથમિક શાળાઓમાં રોકાઈને પ્રાકૃતિક ખેતીનો જે પ્રસાર કરી રહ્યા છે, તે અભૂતપૂર્વ છે.

તેમણે ઉમેર્યું કે, અમદાવાદ ખાતે સ્કાઉટ-ગાઈડનું વિશાળ 'કોમ્યુનિટી હોલ'નું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, સ્કાઉટ્સ ગાઈડ્સ પ્રવૃત્તિ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્રને ચરિતાર્થ કરે છે.

ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ્સ ગાઈડ્સના રાજ્ય આયુક્ત (સ્કાઉટ) શ્રી હસમુખભાઈ મોદીએ સ્વાગત પ્રવચનમાં કહ્યું કે, રાજ્યમાં અંદાજે ૪૦,૦૦૦ સ્કાઉટ્સ-ગાઈડ્સ કાર્યરત છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે કુલ ૧,૮૭૨ સ્કાઉટ-ગાઈડ્સે રાજ્ય પુરસ્કારની સિદ્ધિ હાંસલ કરી છે. જેમાં ૧,૦૩૨ સ્કાઉટ્સ, ૧૯ રોવર અને ૭૯૯ ગાઈડ્સનો સમાવેશ થાય છે. આજના સમારોહમાં ૧૭ જિલ્લાના કુલ ૮૧૫ બાળકો પ્રત્યક્ષ રીતે સહભાગી થયા છે. તેમણે ઉમેર્યું કે, આ સંસ્થા બાળકોમાં શિસ્ત, સેવા, કરુણા, નેતૃત્વ અને રાષ્ટ્રભાવ જેવા ગુણોનું સિંચન કરે છે.

આ અવસરે સ્કાઉટ્સ-ગાઈડ્સ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના રાજ્યના મુખ્ય કમિશનર શ્રી સચિતાબેન પટેલ, વાઈસ પેટ્રન અને ઓરિસ્સા હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ કલ્પેશભાઈ ઝવેરી, રાજ્ય આયુક્ત (ગાઈડ) શ્રી અંજનાબેન ચૌધરી, ઉપાધ્યક્ષ શ્રી દિલીપભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષ શ્રી ડાહ્યાભાઈ પટેલ તેમજ રાજ્ય કોષાધ્યક્ષ શ્રી છનાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## કિંજલ રબારીની ઘર વાપસી થતા રબારી સમાજે કહ્યું સમાજની એકતા અને તાકાતની જીત થઈ




પ્રતિનિધિ,ગાંધીનગર

કિંજલ રબારીના પ્રેમ લગ્ન વિવાદનો હાઈ વોલ્ટેજ ડ્રામા બાદ અંત આવ્યો છે. ગાયીકા કિંજલ રબારી પોતાના નિવાસે પરત ફરી છે. સમાજના આગેવાનોની બેઠક બાદ કિંજલ રબારી ગઈ કાલે રાત્રે પોતાના ઘરે પરત ફરી ગઈ છે. સમાજના આગેવાનોએ આ બાબતને રબારી સમાજની જીત ઘણાવી છે.

રબારી સમાજની દિકરીએ સમાજ સામે બાંયો ચઢાવીને પ્રેમ લગ્ન કર્યા હતા અને નાયબ મુખ્યમંત્રી પાસે સુરક્ષાની માંગ કરતા વિડીયો પણ જાહેર કર્યા હતા. પરંતુ બે દિવસના આંતરજ્ઞાતિય વિવાદ બાદ ઘી ના ઠામમાં ઘી ઠર્યા જેવો ઘાટ સર્જાયો છે. ગાયીકા કિંજલ રબારીના પ્રેમ લગ્નમાં નવો વળાંક આવ્યો છે. ગઈ કાલે મોડી રાત્રે રબારી સમાજ અને ચૌધરી સમાજ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેના બાદ મોડી રાત્રે કિંજલ રબારી પોતાના ઘરે પરત ફરી હતી. એટલુ જ નહી કિંજલ રબારી સોશીયલ મીડીયા પરથી પોતાની તમામ પોસ્ટ હટાવી દીધી હતી. પ્રેમ લગ્નને લઈને કરેલી પોસ્ટ પણ કિંજલે હટાવી દીધી હતી. ગાયીકા કિંજલ રબારીની ઘર વાપસીને રબારી સમાજે સમાજની જીત ગણાવી છે. આ અંગે સમાજના આગેવાન ઠાકરશી રબારીએ કહ્યુ હતુ કે સમાજની એકતા અને સમાજના તાકાતની જીત થઈ છે. ટુંકાગાળાના પ્રેમને છોડી દિકરી પરત આવી છે. કિંજલ રબારીએ જાતે નિર્ણય લીધો અને તે પરત આવી છે. તેઓએ વધુમાં કહ્યુ કે મા-બાપ અને તેના સમાજના પ્રેમને સમજી તેના ટુંકાગાળાના પ્રેમને છોડી દિકરી પરત આવી છે. રાધનપુરના રબારી સમાજના યુવાનોએ ફોજ બનીને મહેનત કરીને પરીણામ લાવ્યુ છે તે યુવાનોના ચરણોમાં હું નમન વંદન કરૂ છું. કિંજલ રબારીએ જાતે નિર્ણય લીધો તે પરત આવી છે.

## વિધાનસભા ગૃહમાં ગેરહાજર ધારાસભ્યોને વિધાનસભા અધ્યક્ષની ટકોર



પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ગુજરાત વિધાનસભાના ગૃહમાં પ્રશ્નોત્તરી દરમિયાન ધારાસભ્યોની ગેરહાજરીને લઈને વિધાનસભા અધ્યક્ષે ભારે નારાજગી વ્યકત કરી હતી. ખાસ કરીને જે ૭ ધારાસભ્યોએ જનતાના પ્રશ્નો પુછયા હતા , તેઓ પોતે જ ગૃહમાં હાજર ન રહેતા અધ્યક્ષે આ બાબતને અત્યંત અયોગ્ય ગણાવી હતી.

આ યાદીમાં શિવાભાઈ ગોહિલ, અરવિંદ પટેલ, અરવિંદ રાણા, અલ્પેશ ઠાકોર, કલ્પેશ પરમાર, મેઘજી ચાવડા અને ડી કે સ્વામી જેવા દિગ્ગજ નેતાઓ ગેરહાજર રહ્યા હતા. અધ્યક્ષે દંડકને કડક સુચના આપી હતી કે તેઓ ધારાસભ્યોને ગૃહમાં અનિવાર્યપણે હાજર રહેવા માટે જાણ કરે , લોકશાહીની ગરીમા જાળવવા અને જન પ્રતિનિધિ તરીકેની જવાબદારી નિભાવવા માટે પ્રશ્નોત્તરી સમય ગૃહમાં હાજરી આપવી અત્યંત આવશ્યક છે. તેવુ જણાવી અધ્યક્ષે તમામ સભ્યોને આ મામલે ગંભીરતા દાખવવા ટકોર કરી હતી.

## કુપોષીત બાળકોની પ્રશ્નોત્તરીમાં ધારાસભ્ય જિગ્નેશ મેવાણી અને મંત્રી ડો. મનિષા વકીલ વચ્ચે ઉગ્ર તડાફડી : મંત્રી મનિષા વકીલ ધારાસભ્યને ગોળ ગોળ જવાબ આપતા તડાફડી સર્જાઈ




પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતા પ્રશ્નો દરમિયાન કુપોષણ અને વિધવા સહાય યોજનાનો મુદ્દો ચર્ચાના કેન્દ્રમાં રહ્યો હતો. રાજયમાં કુપોષણ ઘટાડવાના સરકારના દાવાઓ વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં હજારો બાળકો કુપોષિત હોવાના આંકડા સામે આવતા ગૃહમાં મંત્રી મનિષા વકીલે ગૃહમાં જવાબ આપતા જણાવ્યુ હતુ કે રાજયને કુપોષણ મુકત બનાવવા સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે અને તેના પરીણામે ધીમે ધીમે કુપોષણના કેસોમાં ઘટાડો થઈ રહ્યો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આહાર પધ્ધતિમાં આવેલા બદલાવ અને કેટલીક સ્થાનિક પરીસ્થિતિઓને કારણે કેટલાક વિસ્તારોમાં હજુ પણ કુપોષણ જોવા મળે છે.

આ મુદ્દે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ગૃહમાં ગોળ ગોળ જવાબ આપતા મંત્રીને ઘેર્યા હતા. બંને વચ્ચે આંકડાઓને લઈને સામ સામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હતી. સાબરકાંઠા જિલ્લામાં ૧૬ હજાર થી વધુ બાળકો કુપોષિત છે. આ દરમિયાન અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષણના આંકડાઓ રજુ કરતા મંત્રીએ જણાવ્યુ હતુ કે અરવલ્લી જિલ્લામાં અનેક તાલુકાઓમાં ૬૪૧૨ કુપોષિત બાળકો નોંધાયા છે. જયારે સાબરકાંઠા જિલ્લામાં લગભગ ૧૬ હજાર થી વધુ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે બાયડ વિસ્તારમાં ૮૫૩ બાળકો કુપોષીત છે. મંત્રી મનિષા વકીલને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી, આ મુદ્દે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ગૃહમાં મંત્રીને ઘેર્યા હતા. મેવાણી અને મંત્રી મનિષા વકીલ વચ્ચે આંકડાઓને લઈને સામ સામે તર્કવિતર્ક જોવા મળ્યો હતો અને મંત્રીને આંકડાઓ અંગે સ્પષ્ટતા કરવી અઘરી પડી હોવાનો માહોલ ઉભો થયો હતો. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઈડ પુરક પોષણ આહાર આપવામાં આવે છે. ચર્ચા દરમિયાન સરકાર તરફથી જણાવાયુ હતુ કે રાજયના આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટીફાઈડ પુરક પોષણ આહાર આપવામાં આવે છે. ઉપરાંત આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર કુપોષિત બાળકો માટે ખાસ પોષણ સહાય અને આરોગ્ય સેવા પણ આપવામાં આવી રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે વિધવા સહાયનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## ગુજરાતના મધ્યાહન ભોજન પર ગેસની અસર નહી પડે : કલેકટરોને આપી તાત્કાલીક સુચના



પ્રતિનિધિ,ગાંધીનગર

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ સમાન પરીસ્થિતિની અસર હવે ગુજરાત સુધી પહોચી છે. વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ઉભી થયેલી અસ્થિરતાના કારણે એલપીજી ગેસના પુરવઠા પર દબાણ સર્જાયુ છે. જેના કારણે કેટલીક સરકારી શાળાઓમાં મધ્યહન ભોજન બનાવવામાં મુશ્કેલીઓ ઉભી થવાની સ્થિતિ બહાર આવી હતી. આ પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજય સરકાર તાત્કાલીક એકસન મોડમાં આવી ગઈ છે. પીએમ પોષણ યોજનાના સંયુકત કમિશ્નર દ્વારા રાજયના તમામ જિલ્લા કલેકટરોને પત્ર લખીને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે શાળાઓ અને સેન્ટ્રલાઈઝડ કીચન માટે એલપીજી ગેસનો પુરવઠો પ્રાથમિકતાના ધોરણે અને કોઈપણ વિક્ષેપ વિના સુનિશ્ચિત કરવામાં આવે, ઉલ્લેખનીય છે કે શાળામાં ભણતા બાળકોને નિયમિત ભોજન પહોચાડવુ પડે એ કાયદા પ્રમાણે ફરજ છે. યુદ્ધની અસરને કારણે બાળકો ભુખ્યા ન રહે તે માટે તાત્કાલીક પરીપત્ર મોકલવામાં આવ્યો છે , ગઈ કાલે ૧૩ માર્ચ ૨૦૨૬ ના રોજ જાહેર કરવામાં આવેલા પરીપત્રમાં જણાવાયુ છે કે પીએમ પોષણ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત અમલમાં છે. આ કાયદા મુજબ બાલવાટીકાથી લઈને ધો.૮ સુધીના વિદ્યાર્થીઓને નિયમિત અને પૌષ્ટીક ભોજન પહોચાડવુ રાજય સરકારની કાનુની જવાબદારી છે, તેથી કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ ન થાય તેની ખાત્રી કરવા તાકીદ કરવામાં આવી છે . નોંધનીય છે કે રાજયની મોટાભાગની સરકારી શાળાઓમાં મધ્યાહન ભોજન એલપીજી ગેસ પર તૈયાર કરવામાં આવે છે. જયારે કેટલીક એનજીઓ સંચાલીત શાળાઓમાં સેન્ટ્રલાઈઝડ કીચન મારફતે ભોજન બનાવીને અનેક શાળાઓમાં પહોચાડવામાં આવે છે. હાલ વૈશ્વિક પરીસ્થિતિને કારણે ગેસ પુરવઠામાં વિક્ષેપ થવાની શકયતા ઉભી થતા ગેસ એજન્સીઓએ પીએમ પોષણ યોજનાના તમામ કેન્દ્રોને અગ્રતા આપવા સુચના આપવામાં આવી છે. જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસનો પુરતો જથ્થો ઉપલબ્ધ રહે તેની દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. ખાસ કરીને સેન્ટ્રલાઈઝડ કીચન માટે જરૂરી ઈંધણના જથ્થામાં કોઈ અડચણ ન આવે તેની ખાત્રી કરવા તાકીદ કરવામાં આવી છે. સાથે જ શિક્ષણ વિભાગ તથા અન્ન અને નાગરીક પુરવઠા વિભાગના અધિકારીઓને પણ આ અંગે માહિતી આપી જરૂરી સમન્વય કરવા સુચના આપવામાં આવી છે.

ગેસ સિલિન્ડરની કાળાબજારી રોકવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરેઃ AAP

## દેશમાં ઉભા થયેલા ગેસ સંકટ સામે વડોદરામાં AAPનો વિરોધ




અમદાવાદ /વડોદરા / ગુજરાત

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે સમગ્ર ભારતમાં એલપીજી ગેસનું સંકટ ગંભીર બનતું જઈ રહ્યું છે.

મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત દેશના અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો પર પણ તેની અસર જોવા મળી રહી છે. તેના કારણે કરોડો લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે અને રોજગાર પર પણ અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે સરકાર આગોતરા આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે. જેના કારણે આજે દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરની કાળાબજારી વધી રહી છે. આ સમગ્ર મુદ્દાને લઈને આજે આમ આદમી પાર્ટીના વડોદરા શહેર સંગઠન દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના શહેર પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સમર્થકો હાજર રહ્યા હતા.વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે ગેસ સંકટ મુદ્દે કડક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને સામાન્ય લોકોને તાત્કાલિક રાહત મળે તે માટે સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને કોઈ તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ માટે ગેસ વિતરણની સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે. જો ક્યાંય પણ ગેસ પુરવઠાની કાળાબજારી થતી હોય તો તેને તાત્કાલિક રોકવામાં આવે અને ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરના ભાવ ડબલથી પણ વધુ વધી ગયા છે. આ વધેલા ભાવોને નિયંત્રિત કરવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

## સમીના અમરાપુરમાં માતાએ એક વર્ષના પુત્ર સાથે કૂવામાં ઝંપલાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)પાટણ

પાટણના સમી તાલુકામાં ગંભીર ઘટના સામે આવી છે. જેમાં ૨૩ વર્ષીય પરિણીતાએ એક વર્ષના માસૂમ દીકરા સાથે કૂવામાં ઝંપલાવીને મોતને વ્હાલું કર્યુ હતું. પરિણીતાએ સાસરીયાના ત્રાસથી આ પ્રકારનું પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે, ત્યારે મૃતકના પિતાએ જમાઈ-સાસરી પક્ષ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સમગ્ર મામલે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, સમી તાલુકાના અમરાપુર (હંસનગર)માં પરિણીતાએ પુત્ર સાથે કૂવામાં પડીને આપઘાત કરતાં સમગ્ર પંથકમાં ચકચારી મચી જવા પામી છે.

**પશ્ચિમ રેલ્વે**

**TRD કાર્ય**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (સબ), પશ્ચિમ રેલ્વે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 દ્વારા ઈ-ટેન્ડર સૂચના નં.: WR-MMCTOESUB(ESOT)/5/2026, તારીખ : 10.03.2026 આમંત્રિત કરવામાં આવી છે. કાર્યનું નામ: ચર્ચગેટ-વિરાર સેક્શનમાં વિલે પાર્લે, સાંતાક્રુઝ, ખાર રોડ અને બાંદ્રા સ્ટેશનો પર 15 ડબ્બા EMU ટ્રેનોને સમાવવા માટે UPL અને DNL પ્લેટફોર્મના વિસ્તરણના સંદર્ભમાં TRD કાર્ય. કાર્યનો અંદાજિત ખર્ચ: ₹ 2,29,46,670/- બિડ સુરક્ષા:' ₹2,64,700/- બંધ થવાની તારીખ અને સમય: તા. 07.04.2026 ના 15.00 કલાક સુધી. નિર્ધારિત રીતે. ખુલવાની તારીખ અને સમય: તા. 07.04.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ : www.ireps.gov.in ની મુલાકાત લો 1215

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**ઈલેકટ્રીકલ અને સીવીલ કાર્ય**

Sr. DEE/P/BCT, પશ્ચિમ રેલ્વે, મુંબઈ-સેન્ટ્રલ દ્વારા ઇ-ટેન્ડર નં. EL-166-160-WA-84 (R) તા. 11.03.2026 (બે પેકેટ સિસ્ટમ) માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્ય અને સ્થાન: મુંબઇ ડિવિઝન (નોન-સબર્બન સેક્શન) સ્ટેશનોના ફૂટ ઓવર બ્રિજ પર લિફ્ટ (27 નંગ) ની જોગવાઈ (ઇલેક્ટ્રિકલ અને સિવિલ કાર્ય માટે સંયુક્ત ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમત: ₹ 17,04,37,423.81. EMD: ₹ 10,02,200/- સબમિશનની તારીખ અને સમય: તા. 06.04.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 06.04.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1222

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (બાંધકામ), બીજો માળ, એનેક્સ બિલ્ડીંગ, DRM ઓફિસ, પ્રતાપનગર, પશ્ચિમ રેલ્વે વડોદરા 390004. ટેન્ડર સૂચના નં. S & T / C / B R C /153/2025-26, તા. 09.03.2026 ને આમંત્રણ આપે છે. કાર્યનું નામ: "(1) છાયાપુરી-બાજવા સેક્શન-મલ્ટી ટ્રેક વર્ક માટે હાલના EI/PI માં ફેરફાર કાર્ય સાથે ઇન્ડોર અને આઉટડોર સિગ્નલિંગ ગિયર્સની ડિઝાઇન, સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. (2) મિયાગામ-લાકોદરા સેક્શન ફ્લાય ઓવર લાઇન પ્રોજેક્ટ વર્ક. (3) વિશ્વામિત્રી સ્ટેશન - ડબલિંગ પ્રોજેક્ટ માટે "Y" કનેક્શન. (4) LC 65 (વાવડી ખુર્દ-ગોધરા) - પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના રોડ ઓવર બ્રિજના બાંધકામ માટે LCનું સ્થળાંતર." કાર્યની અંદાજિત કિંમત: ₹ 9,69,12,410.76. EMD : ₹ 6,34,600/-. ઈ-ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.06.04.2026 ના 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 06.04.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1210

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# સુરત શહેરના ઉમરવાડા ની સીટી સર્વે નં. ૨૧૭૭ ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા)ની ઝારાવાડ મુલતાની પંચની જગ્યા અંગે સામાજિક, આર્થિક પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા સુરત ના કલેક્ટર વિરુધ્ધ પગલાં લેવા મુખ્યમંત્રીને છગનલાલ મેવાડાએ કરી ફરિયાદ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરમાં આવેલ ઉમરવાડા સીટી સર્વે નં. ૨૧૭૭ ટીપી સ્કીમ નં.૮ (ઉમરવાડા) ફાયનલ પ્લોટ નં. ૮૩ જેનું ક્ષેત્રફળ ૧૧૨૦૯ ચો.મી જગ્યાના મૂળ માલિક કબજેદારો ઝારાવાડ મુલતાની પંચ કબ્રસ્તાન ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ તા.૩/૧૨/૨૦૧૪ ના રોજ સમજૂતી કરાર થી છગનલાલ ડી. મેવાડાને માલિકી હક્ક આપેલ અને ત્યારથી છગનલાલ મેવાડા એ જગ્યાના માલિક વહીવટદાર તરીકે વહીવટ કરી રહેલ છે. આ જગ્યા પચાવી પાડવા નરેશ અગ્રવાલ નામના ઈસમે ધમપછાડા કરી યેનકેન પ્રકારે જગ્યા પચાવી પાડવા છગનલાલ મેવાડા વિરુધ્ધ હાલના સુરત શહેરના કલેક્ટર સૌરભ પારધી અને ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ ૨૦20 ની જોગવાઈઓ મુજબ તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ ખોટી રીતે એટલે કે છગનલાલ મેવાડાનું પૂરતો પક્ષ સાંભળ્યા વગર હેમંત નરેશ અગ્રવાલ ,રહે.શ્યામ આવાસ ભટાર રોડ, સુરત જેઓ નરેશ અગ્રવાલના દીકરા છે તેઓના નામથી એકબીજા ના મેળાપીપણામાં તા.૨૯/૦૭/૨૦૨૫ ના રોજ છગનલાલ મેવાડાને કલેક્ટર સુરત ધ્વારા લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ તેઓના પ્રતિનિધિ સાથે હાજર રહેલા છગનલાલ મેવાડા તેઓનો પક્ષ રજૂ કરવા લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ તેમના વકીલ મારફતે હાજર થયેલા. પરંતુ લેન્ડ ગ્રેબીંગ કમિટી પહેલેથી જ ફૂટી ગઈ હોય તેમ છગનલાલ મેવાડા અને તેમના વકીલને સંતોષકારક રીતે પાંચ મિનિટ પણ સાંભળ્યા નહીં અને કમિટીના સભ્યોએ અમને ખબર છે એમ કહી વાત સાંભળવાનો ઈનકાર કરી દીધેલો. આ દિવસે આવેલા તમામ પક્ષકારો કલેક્ટર ઓફિસ બહાર બેઠા હતા. માત્ર હેમંત અગ્રવાલ, નરેશ અગ્રવાલ, નટવર મુરાલીલાલ હરલાલકા પહેલેથી જ કલેક્ટર સુરત ના પી.એ ની એસી ઓફિસમાં બેઠેલા હતા એ શું સૂચવે છે? જ્યારે તમામ પક્ષકારો બહાર બેસી પોતાના વારાની રાહ જોતાં હોય ત્યારે કમિટીને હેમંત અગ્રવાલ પર શાનું હેત ઉભરાઈ આવ્યું? અને છગનલાલ મેવાડા વિરુધ્ધ તા.૦૭/૦૮/૨૦૨૫ ના રોજ લેન્ડ ગ્રેબીંગ નો ગુન્હો દાખલ કરવા હુકમ કરી દીધો.

છગનલાલ મેવાડાએ ઝારાવાડ મુલતાની પંચની મસ્જિદની જગ્યા ના ટ્રસ્ટીઓ સાથે સમજૂતી કરાર કરી જગ્યાનો કબજો કાયદેસર મેળવેલ હોય તે હકીકતને લેન્ડ ગ્રેબીંગ કમિટી સમક્ષ પુરાવા સહિત રજૂઆત થયેલ હોય તમામ પુરાવા પણ પૂરા પાડેલ હોય તેમજ જગ્યાના મૂળમાલિકો એ જમીન પચાવી પાડવા અંગે કોઈ ફરિયાદ કરેલ નથી ત્યારે ત્રાહિત વ્યક્તિ ને છગનલાલ મેવાડા વિરુધ્ધ કોઈ ફરિયાદ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. છગનલાલ મેવાડા, નથી તો હેમંત અગ્રવાલને ઓળખતા કે નથી નરેશ અગ્રવાલને ઓળખતા. આમ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ હેમંત નરેશ અગ્રવાલના મેળાપીપણામાં ખોટી રીતે ગુન્હો દાખલ કરેલ છે. જેના કારણે છગનલાલ મેવાડા એ ડિસ્ટ્રીકટ કોર્ટ, હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી જવું પડેલ છે. અને સુપ્રીમ કોર્ટમાં તા.૧૨/૦૮/૨૦૨૫ ના રોજ સ્પેશિયલ લીવ ટુ અપીલ (ક્રિમિનલ)(એસ) ૧૧૯૦૭/૨૦૨૫ છગનલાલ મેવાડા એ દાખલ કરેલ.કલેકટર ની તા.૧૬/૦૭/૨૦૨૫ ની નોટિસ પર મનાઈ હુકમ આપેલ છે.

ઉમરવાડા ની આ જગ્યા અંગે નરેશ અગ્રવાલ (કુબેરજી એન્ટરપ્રાઈઝ) ના ભાગીદાર નટવરલાલ મુરાલીલાલ હરલાલકા એ સુરત ના પ્રિન્સીપલ સિનિયર સિવિલ જજ ની કોર્ટમાં ઉમરવાડા ની ઉપરોકત જમીન કબજો મેળવવા માટે પોલીસ પ્રોટેકશન ની માંગણી કરેલી. જે માંગણી કોર્ટે કબજો ના હોય તો તે જગ્યા નો કબજો સોંપવા પોલીસ પ્રોટેકશન આપી શકાય નહીં. એમ કરી તા.૨૦/૦૭/૨૦૧૮ ના રોજ દરખાસ્ત અરજી નં. ૨૦/૨૦૧૫ રદ કરી દીધેલી. આમ ઉપરોક્ત કોર્ટના હુકમથી એ હકીકત પુરવાર થાય છે કે આ જગ્યાનો નરેશ અગ્રવાલ અને નટવરલાલ હરલાલકાનો કબજો ના હતો. ઉમરવાડાની આ જગ્યા જયપ્રકાશ શિવહરે અગાઉ સુરતના કલેક્ટર હતા ત્યારે આ જગ્યા ને ખોટી રીતે NA ની પરવાનગી આપેલ હતી. આ જગ્યા ને NA કરતાં પહેલા જુદા-જુદા વિભાગોના અભિપ્રાયો દ્રછ એ અરજીના અગાઉ અભિપ્રાયો મેળવેલ છે. તેમજ નિયમ મુજબ દ્રછ પરવાનગી પહેલા કોર્ટ કેસ પેન્ડિંગ ના હોય એવા સંજોગોમાં NA પરવાનગી આપવી શકય નથી. આ જગ્યામાં કોર્ટ કેસ ચાલુ હતા છતાં NA પરવાનગી આપવામાં આવેલ છે. અને કોર્ટ કેસ પેન્ડિંગ નથી તેવું સોગંદનામું રજૂ કરેલ છે. આ સમયગાળા દરમ્યાન નામદાર મહેસુલ વિભાગમાં રિવિઝન અરજી પેન્ડિંગ હતી, નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મેટર પેન્ડિંગ હતી અને ખેતી ની જમીન જે ગણોત પ્રોસીડિંગ્સ ના કારણે તેને જૂની શરત માં ફેળવવામાં આવેલ હતી તે બાદ કેશવભાઈ ઘુસાભાઈ રામોલીયાએ વેચાણ કરી દીધેલ. નામદાર સિવિલ કોર્ટમાં રે.દિ.મુ. નં.૨૮૮/૨૦૧૪ નો દાવો પેન્ડિંગ હતો. નાયબ કલેક્ટર સમક્ષ લીસ પેન્ડીસનો લેખ નોંધાયેલો, નામદાર સુપ્રીમ કોર્ટમાં પિટિશન નં.૪૦૯૬/૨૦૧૫ દાખલ કરેલ, કેશવભાઈ ઘુસાભાઈ રામોલીયા એ તા.૧૫/૦૬/૨૦૧૩ ના રોજ NA પરવાનગી મેળવવા માટે કોઈપણ કોર્ટમાં સિવિલ દાવા, અન્ય પ્રકારના દાવા ચાલતા નથી તેવી જ રીતે સતાધિકારી/સત્તા મંડળ, ટ્રીબ્યુનલ કે ન્યાયાલયમાં કોઈપણ જાત નો વિવાદ નિકાલ માટે પડતર નથી એ સોગંદનામું રજૂ કરેલ અને આ સમયે કોર્ટ કેસ પ્રકરણો પેન્ડિંગ હોવા છતાં અને તે અંગે ની લેખિત ફરિયાદ જે તે સમયના કલેક્ટર ને કરવા છતાં કલેક્ટર જયપ્રકાશ શિવહરે NA ની પરવાનગી આપેલી અને પરવાનગી રદ કરેલી નહીં. બિનખેતી ની પરવાનગી મેળવવા માટે રામોલીયા કેશવભાઈ ઘુસાભાઈ રહે. ૧૫ ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, મગોબ તા.૧૫/૦૩/૨૦૧૪ ના રોજ અરજી કરેલી. NA ની પરવાનગી આપતા પહેલા સરકારશ્રી ના જુદા જુદા ખાતાઓના અભિપ્રાય મેળવવામાં આવે છે. કલેક્ટર કચેરીએથી તા.૧૬/૦૯/૨૦૧૧ ના પત્ર નં. એલએક્યુ/વશી/૨૩૮૬ થી અભિપ્રાય માંગવામાં આવેલા. ગણોત શાખાએ તા.૧૬/૦૧/૨૦૧૩ ના રોજ નાયબ કલેક્ટર સિટી પ્રાંત સુરત ના તા.૧૩/૧૨/૨૦૧૧, મામલતદાર સિટી ના તા.૧૪/૧૧/૨૦૧૧, જિલ્લા પુરવઠા અધિકારી તા.૨૦/૦૯/૨૦૧૧ નો અભિપ્રાય, મદદનિશ નગર નિયોજક/શહેરી વિકાસ સત્તામંડળ નો તા.૧૭/૦૯/૨૦૧૧ જોતાં જ એટલું સ્પષ્ટ થાય છે કે અરજદારે NA પરવાનગી માટે તા.૧૫/૦૩/૨૦૧૪ ના રોજ અરજી કરતાં હોય તો ઉપર જણાવેલ વિવિધ વિભાગના અભિપ્રાયો ૦૩ વર્ષ પહેલા કેવી રીતે આવી ગયા? એ હકીકત પુરવાર કરે છે કે કલેક્ટર જયપ્રકાશ શિવહરે એ ખોટી રીતે ભ્રષ્ટાચાર આચરી NA ની પરવાનગી આપી તે રદ થવી જોઈએ. કલેક્ટર જયપ્રકાશ શિવહરે ના આ કસુર અંગે સરકારમાં તેઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરેલ છે. અને સરકારને માંગ્યા મુજબના પુરાવા પણ રજૂ કરેલ છે.

નરેશ અગ્રવાલે લોકોની જગ્યાઓ ખરીદી તેના નાણાં ચુકવ્યા નથી તેમાં ઘણા NRI લોકો પણ સામેલ છે. તેમજ નરેશ અગ્રવાલે તેઓના ભાગીદારોને છોડયા નથી અને આ બધા નાણાં આપવા ના પડે અને સામાવાળાઓને દબાણમાં લાવવા માટે તેઓએ કુબેરજી વેલેન્ટાઈન પ્રોજેક્ટ જે ભરત કેન્સર હોસ્પિટલ સારોલી પાસે આવેલ છે. તેની ઓફિસમાં ઉંઘની ગોળીઓ લઈ આપઘાત કરેલ છે. તેવો હાઉ ઊભો કરેલો. તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ ઉંઘની ગોળીઓ લઈ દેવામાં ડૂબેલા કુબેરજી ગુપ્તા બિલ્ડર નરેશ અગ્રવાલે છગનલાલ મેવાડા વિરુધ્ધ ૫.૪૧ મિનિટનો ઓડિયો વાયરલ કરી છગનલાલ મેવાડા વિરુધ્ધ ખોટી અફવા ફેલાવી છગનલાલ મેવાડા ને બદનામ કરવાના પ્રયાસ કરેલા. છગનલાલ મેવાડા રાજસ્થાનના સારી પ્રતિષ્ઠા ધરાવતા વેપારી અને સામાજિક આગેવાન છે. તેઓની વિરુધ્ધ પાયા વિહોણા આક્ષેપો કરી તેમના ધંધા-રોજગારને ભારે નુકશાન પહોંચ્યું છે. તેમજ તેમના પરિવાર પણ આ સમયગાળા દરમ્યાન માનસિક ત્રાસ અનુભવેલ છે. આમ નરેશ અગ્રવાલ ધ્વારા ખોટા આક્ષેપો કરતાં તેઓના ધંધા ઉપર અસર થયેલ છે. લોકોનો મેવાડા ઉપરથી વિશ્વાસ ઘટે તેવું કૃત્ય હેમંત નરેશ અગ્રવાલ અને લેન્ડ ગ્રેબીંગ કમિટીએ કરેલ છે. અગાઉ નરેશ અગ્રવાલે પોતાને ત્યાં ઇન્કમટેક્ષની રેડ પડાવેલી તે પાછળ પણ તેનો મનસૂબો લોકોના લીધેલા નાણાં પરત ના કરવા પડે તે જ હતો. હાલ ના સુરત કલેક્ટર સૌરભ પારધી એ પણ દૂધે ધોયેલાં નથી. સુરત શહેરની ડુમસની બે હજાર કરોડ ની જમીન અંગે તેઓની નોકરી શરૂઆતમાં જ બનાવ બનવા પામેલો. આમ લેન્ડ ગ્રેબીંગ કમિટીએ ખોટી રીતે લેન્ડ ગ્રેબીંગ નો ગુન્હો દાખલ કરાવતા લેન્ડ ગ્રેબીંગ કમિટી વિરુધ્ધ સરકારમાં પગલાં લેવા ફરિયાદ કરવામાં આવેલ છે. અને નરેશ અગ્રવાલ, હેમંત અગ્રવાલ, નટવરલાલ હરલાલકા વિરુધ્ધ છગનલાલ મેવાડાએ માનહાનિની ફરિયાદ કરેલ છે.

### વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને સરકાર ઘર કે પ્લોટ આપી સ્થાયી સરનામું આપેઃ ગોપાલ ઈટાલીયા

# AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિચરતી અને વિમુક્ત જાતિના લોકો, માલધારીઓ અને વિદ્યાર્થીઓ માટે વિધાનસભામાં રજૂઆત કરી

અમદાવાદ/જુનાગઢ/રાજકોટ

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ આજે વિધાનસભા ખાતે પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે મારે ખુશી સાથે જણાવવું છે કે વિધાનસભાના ગૃહમાં સમાજના એવા વર્ગ માટે અવાજ આવ્યો જેમનો અવાજ આજ સુધી વિધાનસભા પહોંચ્યો નથી.

ભારત દેશ અને ગુજરાતમાં જ્યાં જેઓ એક ફુટ જમીનના પણ માલિક નથી, એવા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો એટલે કે દેવીપુજક સમાજ, વણઝારા સમાજ, મદારી, રાવળ વગેરે સમાજના લોકો. સરકાર પોતે માને છે કે આ વિચારતી અને વિમુક્ત જાતિ છે, જેઓ ભટકતું જીવન જીવે છે. જે લોકો પાસે પોતાની જમીન નથી હોતી તે ગામના છેવાડે સરકારી જમીન પર ઝુંપડા બાંધીને રહેતા હોય છે અને ચૂંટણી સમયે ભાજપના લોકો તેમના પર દબાણ કરતા હોય છે કે "જો ભાજપને મત નહીં આપો તો તમારું ઘર તોડી નાખીશું." તો આ તમામ જાતિના લોકોને સરકાર સ્થાયી સરનામું આપે, ઘર આપે કે પ્લોટ આપે કે સરકારને જે યોગ્ય લાગે એ કરે પરંતુ તેમને સ્થાયી રહેવાની વ્યવસ્થા કરીને આપે એ મુદ્દે મેં વિધાનસભામાં રજુઆત કરી. મત જોઈતા હોય છે ત્યારે લોકો દેવીપુજક સમાજના આંગણે જતા હોય છે પરંતુ વિધાનસભામાં એમની વાત કોઈ કરતું નથી, પરંતુ હું વિસાવદર લોકોનો આભાર માનીશ કે એમને મને એ લાયક બનાવ્યો કે આજે મેં આ તમામ જાતિના લોકો માટે વિધાનસભામાં અવાજ ઉઠાવ્યો. વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ વિભાગની માંગણી મંત્રી લઈને આવ્યા હતા, તો મેં વિસાવદર તાલુકામાં ધોરણ ૧૦ પછી વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળા શરૂ કરવામાં આવે તેવી માંગણી શિક્ષણ મંત્રી સમક્ષ રજૂ કરી હતી. ગુજરાતમાં ખેતી પછી સૌથી મોટો વ્યવસાય પશુપાલનનો છે અને માલધારી સમાજ વર્ષોથી પશુપાલન સાથે જોડાયેલ છે, તો આજે મેં ગુજરાત સરકારના મંત્રીને સવાલ પૂછ્યો કે માલધારી સમાજને ગામતળના વાડા આપવા માટે સરકારની યોજના છે? એક બાજુ ગાયોના નામે ભાજપના લોકો મત માગે છે અને ગાયોનું પાલન કરતા લોકો પર દમન કરવામાં આવે છે. શહેરોમાં જે માલધારી સમાજના લોકો વસે છે, એમને પશુઓ બાંધવા માટે જગ્યા આપવામાં આવતી નથી તો શહેરમાં રહીને પશુપાલન કરવું કેમ? ભાજપના લોકો પહેલા એવું લાવ્યા કે પશુને રાખવા માટે લાયસન્સ લેવું પડશે પરંતુ હવે નવો નિયમ લાવ્યા કે શહેરોમાં પશુ રાખી શકાશે જ નહીં અને હવે તો શહેરોને "નો કેટલ ઝોન" જાહેર કરવામાં આવેલ છે. મારા સવાલના જવાબમાં સરકારે જણાવ્યું કે રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં કોઈપણ માલધારીને વાડો આપવામાં આવ્યો નથી. ઉદ્યોગપતિઓને આપવા માટે સરકાર પાસે હજારો એકર જમીન હોય છે. એક રૂપિયા મીટરના ભાવે હજારો એકર જમીન ભાજપના મળતીયાઓને આપવામાં આવે છે. અમારા વિસાવદરમાં ગઢવી માલધારી રહે છે, વર્ષો પહેલાંથી સાસણમાં રહીને પશુપાલન કરીને પોતાનો પરિવાર ચલાવતા હતા પછી વન વિભાગ દ્વારા તેમને પરેશાન કરીને જંગલની બહાર કાઢવામાં આવ્યા હાલ તે લોકો પશુપાલન કરે છે પરંતુ એમની પાસે જેટલી પણ ગાયો હોય તેને બાંધવા માટે તેમની પાસે જગ્યા જ નથી. મજબૂરીવશ સરકારી જગ્યા પર ગાયો ભેંસોનું પાલન પોષણ કરે છે. પરંતુ દર ચૂંટણી ટાણે તેમણે હેરાન કરવામાં આવે છે કે "જો ભાજપને વોટ નહીં આપો તો આ જગ્યા ખાલી કરાવી દઈશું" તમે આજે વિસાવદરની સાથે સાથે સમગ્ર ગુજરાતના માલધારી સમાજના લોકોને વાડા ફાળવવામાં આવે એ બાબતની સરકારમાં રજૂઆત કરી હતી. વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા જણાવ્યું હતું કે, બીજી એક મહત્વપૂર્ણ બાબત કે કેશુબાપાનું સપનું હતું કે આખું કાઠીયાવાડ સિંચાઈના પાણીથી સમૃદ્ધ બને અને તેઓ પહેલી વખત મુખ્યમંત્રી બન્યા ત્યારે કલ્પસર યોજના શરૂ કરી. દુર્ભાગ્ય એ છે કે એક સારી યોજના બહાર પાડનાર કેશુબાપાની સરકાર કાવતરા કરીને ભાજપવાળાઓએ છીનવી લીધી અને જ્યારથી કેશુબાપાની સરકાર ગઈ ત્યારથી આ કલ્પસર યોજના લોચે પડી ગઈ છે. આજે મારો સવાલ હતો કે કલ્પસર યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી. તો સરકારે મને જવાબ આપ્યો કે ૪ કરોડની ગ્રાન્ટ પાડવામાં આવી છે. તો હકીકત એ છે કે જે કલ્પસર યોજના બની જ નથી, જ્યાં એક પણ ઈંટ લાગી નથી, ત્યા ૪ કરોડનો ખર્ચો છેલ્લા બે વર્ષમાં કરી નાખવામાં આવ્યો. હજુ તો કલ્પસર યોજનાનો ડીપીઆર ચાલે છે મતલબ કે યોજના ક્યાં કઈ રીતે બનાવવી તેનો સર્વે ચાલે છે. ૨૫ વર્ષથી સર્વે થઈ રહ્યા છે અને બીજી બાજુ કરોડોનો ખર્ચો થઈ રહ્યો છે તો મને લાગી રહ્યું છે કે "બોલવામાં સુરા અને કામ કરવામાં શૂન્ય". વિધાનસભાના માધ્યમથી રોજ ભાજપ સરકારની નિષ્ફળતાના આંકડાઓ આપણા સુધી પહોંચી રહ્યા છે. ભાજપના લોકોને વિનંતી છે કે હવે થોડો સમય તમારી પાસે બચ્યો છે તો થાય એટલું કામ કરી લો કારણ કે હવે જનતા જાગૃત થઈ ચૂકી છે અને આખા ગુજરાતમાં "વિસાવદરવાળી" થવાની તૈયારી છે.

### દેશમાં ઉભા થયેલા ગેસ સંકટ સામે AAPનું વિરોધ પ્રદર્શન

# ગેસ સિલિન્ડરની કાળાબજારી રોકવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરેઃ AAP

## સામાન્ય લોકોને ગેસ સંકટમાં રાહત મળે તે માટે સરકાર જવાબદારી નિભાવેઃ AAP

અમદાવાદ/ગુજરાત

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધના કારણે સમગ્ર ભારતમાં એલપીજી ગેસનું સંકટ ગંભીર બનતું જઈ રહ્યું છે. મુંબઈ, દિલ્હી, ચેન્નઈ, બેંગ્લોર સહિત દેશના અનેક શહેરોમાં ઔદ્યોગિક એકમો પર પણ તેની અસર જોવા મળી રહી છે. તેના કારણે કરોડો લોકોના જીવન પર ખરાબ અસર પડી રહી છે અને રોજગાર પર પણ અસર જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં એવું લાગી રહ્યું છે કે સરકાર આગોતરા આયોજન કરવામાં નિષ્ફળ ગઈ છે. જેના કારણે આજે દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરની કાળાબજારી વધી રહી છે. આ સમગ્ર મુદ્દાને લઈને આજે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં આમ આદમી પાર્ટીના પ્રદેશના તથા સ્થાનિક પદાધિકારીઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સમર્થકો હાજર રહ્યા હતા. વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓ અને કાર્યકર્તાઓ દ્વારા સરકાર સામે ગેસ સંકટ મુદ્દે કડક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા અને સામાન્ય લોકોને તાત્કાલિક રાહત મળે તે માટે સરકાર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીની માંગ છે કે હાલ દેશના લોકોને કોઈ તકલીફ ન પડે અને સંકટનો લાભ લઈને કોઈ વચેટીયા કે મળતીયાઓ સામાન્ય લોકોનો અધિકાર ન છીનવી લે એ માટે ગેસ વિતરણની સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવામાં આવે. જો ક્યાંય પણ ગેસ પુરવઠાની કાળાબજારી થતી હોય તો તેને તાત્કાલિક રોકવામાં આવે અને ગેરરીતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. દેશના અનેક વિસ્તારોમાં ગેસ સિલિન્ડરના ભાવ ડબલથી પણ વધુ વધી ગયા છે. આ વધેલા ભાવોને નિયંત્રિત કરવા માટે સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી આમ આદમી પાર્ટીની માંગ છે.

# વડોદરામાં ગેસ બોટલના કાળા બજારનો પર્દાફાશ : ૩૦ ગેસ સીલીન્ડર સાથે સંગ્રહખોર સાદુલ ભરવાડની ધરપકડ



પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા શહેરમાં એક તરફ ગેસ ની અછત જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. તો બીજી તરફ તેનો ગેરકાયદેસર સંગ્રહ કરી કાળા બજાર કરવાનુ નેટવર્ક ઝડપાયુ છે.

વડોદરા એસઓજી પોલીસે ખોડીયારનગર વિસ્તારમાં ઓચિંતો દરોડો પાડી ગેસ બોટલના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઘટનાની મળતી માહિતી અનુસાર વડોદરા એસઓજી ની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે ખોડીયારનગર વિસ્તારમાં ગેસના સીલીન્ડરોનો ગેરકાયદેસર સંગ્રહ કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. આ રેડ દરમિયાન સ્થળ પરથી કુલ ૩૦ જેટલા ગેસના સીલીન્ડરો મળી આવ્યા હતા. જેમાં ઘરેલુ અને કોર્મશીયલ બંને પ્રકારના બોટલોનો સમાવેશ થાય છે. પોલીસે આ મામલે સંગ્રહખોરી કરનાર સાદુલ ભરવાડ નામના શખ્સની ધરપકડ કરી છે. પ્રાથમિક પુછપરછમાં આવ્યુ છે કે આરોપી સાદુલ ભરવાડ રામકૃપા એજન્સીમાં ટેમ્પો ચલાવવાનુ કામ કરે છે. એજન્સીમાં કામ કરવાની આડ માં તે ગેરકાયદેસર રીતે ગેસના બાટલા મેળવી તેનો સંગ્રહ કરતો હતો અને ત્યારબાદ ઉંચા ભાવે કાળા બજારમાં વેચતો હોવાની પોલીસ આશંકા સેવી રહી છે.

વડોદરા એસઓજીએ તમામ ૩૦ બોટલો જપ્ત કરી આરોપી વિરૂધ્ધ આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળ ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી છે. આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે કે કેમ અને રામકૃપા એજન્સીની આમા શું ભુમિકા છે. તે દિશામાં પણ પોલીસે ઉડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

# ઉત્તર ગુજરાતમાં વાહનની ચોરી કરતી ગેન્ગના ત્રણ જણા પકડાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં બાઈક સહિતના વાહનોની ઉઠાંતરી કરતી ટોળકીને પાલનપુર એલસીબીની ટીમે ઝડપી પાડી છે. જેમાં જુદા જુદા ૧૭ વાહન ચોરીના ભેદ ઉકેલીને આરોપી પાસેથી ચોરી કરાયેલા ૧૦ બાઈક અને એક બોલેરો મળી ૧૧ વાહનો કબજે કરી ત્રણની અટકાયત કરી હતી. બનાસકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ અલગ ૩ ટીમો દ્વારા વાહન ચોરીના ગુના ડીટેક્ટ કરવા હ્યુમન સોર્સ તથા ટેકનીકલી લીડ મેળવવાનો ટાસ્ક અપાયો હતો. જેમાં અલગ અલગ જગ્યાના આશરે ૧૦૦ વધારે સીસીટીવી ફૂટેજ, હ્યુમન સોર્સ તથા ટેકનિકલ, નેત્રમ કેમેરાની મદદથી આજુબાજુના જિલ્લાઓમાં બનેલા વાહન ચોરીના ગુનાઓમાં સંડોવાયેલા નરેશ ઉર્ફે નરશા દિતારામ ખેર (રહે.મહુડી તા.કોટડા જિ.ઉદેપુર રાજસ્થાન), કિરણસિંહ દિનેશસિંહ વાઘેલા (રહે.ખીમાણા, તા.શિહોરી), મોતીભાઈ ગણેશભાઈ રબારી (રહે.ભવાનગઢ, તા.દાંતા)ને ઝડપી પાડી તેમની પાસેથી ચોરી કરેલા ૧૦ બાઈક અને એક બોલેરો મળી કુલ રૂ.૪.૧૩ લાખની કિંમતના વાહનો કબજે કરી ૧૭ અનડિટેક્ટ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે.

# ગુજરાતમાં ઝડપથી થઈ રહેલું શહેરીકરણ : ૨૦૨૭ સુધીમાં રાજયની ૫૦.૬૯ ટકા જેટલી વસ્તી શહેરોમાં રહેતી હશે

## ૩.૭૯ કરોડ લોકો શહેરોમાં અને ૩.૬૯ કરોડ લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહેવાનો અંદાજ



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યુ છે. જયાં શહેરોમાં રહેતી વસ્તી ગામડાઓ કરતા વધી શકે છે. રાજય સરકારના નવા અંદાજો મુજબ આવતા વરસે ગુજરાતની અડધી થી વધુ વસ્તી શહેરોમાં રહેતી હશે. આ બદલાવ રાજયની વસ્તી રચનામાં મોટો ફેરફાર દર્શાવે છે અને બતાવે છે કે ગુજરાત ધીમે ધીમે તેની પરંપરાગત ગ્રામ્ય ઓળખથી આગળ વધી રહ્યુ છે.

રાજય સરકારના સોશીયો ઈકોનોમીક રીવ્યુ ૨૦૨૫-૨૬ મુજબ ૨૦૨૭ સુધી ગુજરાતની કુલ વસ્તી ૭.૪૮ કરોડ સુધી પહોચવાની શકયતા છે. તેમાંથી અંદાજે ૩.૭૯ કરોડ લોકો શહેરી વિસ્તારોમાં અને ૩.૬૯ કરોડ લોકો ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા હશે. જો આ અંદાજ સાચા સાબિત થાય તો રાજયમાં શહેરી વસ્તીનો હિસ્સો ૫૦.૬૯ ટકા થઈ જશે. તેનો અર્થ એ થાય છે કે ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર શહેરોમાં રહેતા લોકોની સંખ્યા ગામડાઓમાં રહેતા લોકો કરતા વધારે બનશે. શહેરી આયોજન સાથે જોડાયેલા નિષ્ણાંતો કહે છે કે આ બદલાવના સંકેતો છેલ્લા ઘણા વરસોથી જોવા મળી રહ્યા હતા. છેલ્લા લગભગ ૧૫ વરસમાં ગુજરાતમાં નવી ૯ મ્યુનીસીપલ કોર્પોરેશન બનાવવામાં આવી છે. ઘણા શહેરોની હદ વધી રહી છે અને મોટા શહેરોની આસપાસ સેટેલાઈટ ટાઉનશીપ બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. આ વહિવટી ફેરફારો દર્શાવે છે કે રાજયમાં શહેરી વિસ્તારો ઝડપથી વધતા જઈ રહ્યા છે. આ વૃધ્ધિ એક દિવસમાં શરૂ થઈ નથી પરંતુ ઘણા દાયકાઓથી આગળ વધી રહી છે. ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતની ૪૨.૦૬ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં રહેતી હતી. તે સમયે ભારતનો રાષ્ટ્રીય સરેરાશ માત્ર ૩૧.૧૪ ટકા હતો. એટલે કે તે સમય થી જ ગુજરાત દેશમાં અન્ય રાજયો કરતા વધુ શહેરીકરણ તરફ આગળ વધી રહ્યુ હતું. ૨૦૧૧ થી ૨૦૨૭ વચ્ચે અંદાજે ૮ ટકા જેટલો વધારો થવાનો છે. જે રાષ્ટ્રીય સ્તરે થતા વધારાની સરખામણીમાં વધુ ઝડપી છે. શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એમ થેન્નારસન ના જણાવ્યા મુજબ ગુજરાતના ભવિષ્યના આર્થિક વિકાસ માટે શહેરીકરણ ખુબ મહત્વપૂર્ણ છે. તેમણે વર્લ્ડ બેંકના એક અભ્યાસનો ઉલ્લેખ કરતા કહ્યુ હતુ કે ૨૦૫૦ સુધીમાં રાજયની ૬૭ ટકા થી ૭૦ ટકા વસ્તી શહેરોમાં રહેતી થઈ શકે છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે શહેરો આર્થિક વિકાસના મુખ્ય એન્જીન છે. સેવાઓ, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને આયોજનબધ્ધ વિકાસ શહેરોને વધુ મજબુત બનાવે છે. રાજય સરકારે આ વર્ષને શહેરીવર્ષ તરીકે જાહેર કર્યુ છે અને શહેરી વિકાસ માટેનુ બજેટ વધારીને ૩૩૫૦૦ કરોડ રૂપીયા કર્યુ છે. આ ખર્ચ શહેરોમાં વધુ સારી સુવિધાઓ ઉભી કરવ, સેટેલાઈટ ટાઉનશીપ વિકસાવવા અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે. ૨૦૧૧ માં રાજયમાં માત્ર ૮ મ્યુનિસીપલ કોર્પોરેશન હતી જયારે હવે આ સંખ્યા વધીને ૧૭ થઈ ગઈ છે. તેમાં નવસારી, વાપી, આણંદ, મોરબી અને ગાંધીધામ સહિતના નવા શહેરોનો સમાવેશ થાય છે.

મ્યુનિસીપલ કોર્પોરેશન હેઠળ આવતો વિસ્તાર પણ વધ્યો છે. ૨૦૧૧ માં આ વિસ્તાર ૪૬૬ ચો.કી. હતો જયારે હવે તે વધીને ૪૮૧ ચો.કી થયો છે. અમદાવાદ શહેરની હદ પણ સાણંદ સુધી વધારવાની યોજના વિચારણામાં છે. સાણંદ અમદાવાદની બહાર આવેલુ એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક કેન્દ્ર માનવામાં આવે છે. સેપ્ટ યુનિર્વસિટીના અર્બન પ્લાનર રૂતુલ જોશીએ જણાવ્યુ હતુ કે આ બદલાવ લાંબા સમયથી અપેક્ષિત હતો. તેમણે કહ્યુ કે ગુજરાત રાજય બન્યુ ત્યારથી જ ઔદ્યોગિક રાજય તરીકે વિકસતુ રહ્યુ છે અને ઔદ્યોગિક વિકાસ સાથે સામાન્ય રીતે શહેરીકરણ પણ વધે છે. તેમણે ઉમેર્યુ કે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ જેવા શહેરોમાં ૧૯૮૦ ના દાયકામાં જ શહેરી વસ્તી વધારે હતી. તે સમયે જ આયોજનકારો માનતા હતા કે ૨૦૨૫ સુધીમાં રાજયમાં શહેરી વસ્તી ગ્રામ્ય વસ્તી કરતા વધુ થઈ જશે. રાજય સરકારના લાંબા ગાળાના અંદાજ મુજબ ૨૦૩૬ સુધીમાં ગુજરાતની લગભગ ૫૫ ટકા વસ્તી શહેરોમાં રહેતી થઈ જશે. તેની સરખામણીમાં ભારત હજુ પણ મોટા ભાગે ગ્રામ્ય દેશ તરીકે રહેશે. તે સમયે દેશમાં માત્ર ૩૯.૦૬ ટકા વસ્તી શહેરોમા અને ૬૦.૯૪ ટકા વસ્તી ગામડાઓમાં રહેવાની શકયતા છે.

ગુજરાતમાં શહેરી વસ્તી દર દર વરસે લગભગ ૦.૫ ટકા દરે વધી રહી છે, આ વૃધ્ધિ રાષ્ટ્રીય દર ૦.૦૩ ટકા કરતા વધુ છે. આગામી ૧૦ વર્ષમાં રાજયમાં શહેરી વસ્તીનો હિસ્સો લગભગ ૪.૩ ટકા વધવાની શકયતા છે. જયારે સમગ્ર ભારતમાં આ વધારો લગભગ ૨.૭ ટકા રહેવાનો અંદાજ છે. નિષ્ણાંતો કહે છે કે ગુજરાતમાં શહેરી વસ્તી ઝડપથી વધવાનુ મુખ્ય કારણ શહેરોમાં વધતુ સ્થળાંતર, ઝડપી ઔદ્યોગિક વિકાસ અને શહેરી ઈન્ફ્રાસ્ટ્રકચર છે.